RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 86* Date: 22.01.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

એપ્રિલમાં રસીકરણનો પ્રથમ તબક્કો પૂર્ણ થશે

બીજા તબક્કામાં PM મોદી સહિત મુખ્યમંત્રીઓ કોરોના વેક્સિન લેશે

લોકોના ભ્રમને દૂર કરવા વડાપ્રધાન મોદી ખુદ વેક્સિન લેશે, તેની સાથે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વેક્સિન આપવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૨૧

નવુ વર્ષ ભારતના લોકો માટે નવી આશાઓ લઈને આવ્યુ, જ્યાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસ સામે રાષ્ટ્રીય રસીકરણ અભિયાન શરૂ થઈ ગયુ. આ અભિયાનના પહેલા તબક્કામાં આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સને સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકની રસી આપવામાં આવી રહી હતી. ત્યારબાદ બીજા તબક્કાનુ રસીકરણ અભિયાન શરૂ થશે જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત બધા રાજયોના મુખ્યમંત્રીઓ રસી મૂકવામાં આવશે.

વાસ્તવમાં રસીકરણની શરૂઆતથી જ આ સવાલ ઉઠી રહ્યા હતા કે પીએમ, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી અને અન્ય મોટા નેતા કોરોનાની રસી કેમ નથી લઈ રહ્યા. અમુક લોકો અફવાઓ પણ ફેલાવી રહ્યા હતા કે રસી વધુ સુરક્ષિત નથી. જેના કારણે નેતાઓ આને લેવાનુ ટાળી રહ્યા છે. સૂત્રો મુજબ કેન્દ્ર સરકાર આ ભ્રમને દૂર કરવા માંગે છે. જેના કારણે પીએમ મોદી ખુદ વેક્સીન લેશે. સાથે જ બધા રાજયોના મુખ્યમંત્રીઓને પણ વેક્સીનનો ડોઝ આપવામાં આવશે. વર્તમાન સમયમાં લોકસભામાં ૩૦૦થી વધુ અને રાજયસભામાં ૨૦૦થી વધુ સાંસદ ૫૦ વર્ષથી ઉંમર પાર કરી ચૂક્યા છે. એવામાં તેમને પણ રસી મૂકાશે. આનાથી જનતા વચ્ચે વેક્સીન સુરક્ષિત હોવાનો મજબૂત સંદેશ જશે.

વળી, વેક્સીન વિશે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી ત્યારે પણ પીએમે કહ્યુ હતુ કે કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. બીજા ફેઝમાં એ બધાને રસી મૂકાઈ જશે જે ૫૦ વર્ષથી ઉપરના છે. જો કે હજુ એ નક્કી નથી કે બીજો તબક્કો ક્યારે શરૂ થશે અને આ અંગે કોઈ ગાઈડલાઈન પણ નક્કી થઈ નથી. સૂત્રો મુજબ જે નેતાઓની ઉંમર ૮૦થી ઉપર છે તેમનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવી શકે છે. જેમાં બે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ અને એચડી દેવગૌડાનુ નામ શામેલ છે. બીજા તબક્કામાં લશ્કર, અર્ધલશ્કર દળના જવાનો સહિત ૫૦થી વધુ ઉંમરના લોકોનું રસીકરણ હાથ ધરાશે. જો કે બીજો તબક્કો ક્યારથી શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી. બીજા તબક્કાની ગાઈડલાઈન નક્કી થઈ ગઈ છે. બીજા ચરણમાં વડાપ્રધાન, કેટલાક રાજયના મુખ્યમંત્રી, રાજયપાલ તેમજ વીવીઆઈપી લોકોને રસીનો ડોઝ આપવામાં આવશે.

કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ પહેલા તબક્કામાં ઝડપથી આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સનુ રસીકરણ થઈ રહ્યુ છે. જે હેઠળ છેલ્લા પાંચ દિવસોમાં ૭.૮૬ લાખ લોકોને રસી મૂકાઈ છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન જેવા અમુક રાજયોમાં તો અભિયાન ઝડપથી ચાલી રહ્યુ છે પરંતુ દિલ્લ, પંજાબ સહિત ઘણા રાજયોમાં મોટી સંખ્યામાં આરોગ્યકર્મીઓને વેક્સીન મળી શકી નથી. એવામાં તેમનુ કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યુ છે. આશા છે કે બીજો તબક્કો એપ્રિલમાં શરૂ થઈ જશે.

ખેડૂતો ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલી કાઢવા મક્કમ, પોલીસ સાથેની બેઠક અનિર્ણિત

ન્યુ દિલ્હી,તા.૨૧

ખેડૂત આંદોલનનો ૫૭મો દિવસ છે. નવા કૃષિ કાયદાને રદ કરવાની માંગને લઈને પંજાબ સહિત કેટલાક રાજયના ખેડૂત દિલ્હી બોર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂતો સાથે પોલીસની બેઠકમાં કોઇ પરિણામ આવ્યુ નહતું. સતત ત્રીજા દિવસે પોલીસે ખેડૂતોને મનાવવાનો પ્રયાસ કર્યો હતો. બેઠકમાં દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશના પોલીસ અધિકારી સામેલ થયા હતા. બેઠકમાં ખેડૂતોએ સ્પષ્ટ કર્યુ કે તે કોઇ પણ ભોગે દિલ્હીના આઉટર રિંગ રોડમાં ટ્રેક્ટર માર્ચ કાઢશે. દિલ્હી પોલીસનું કહેવુ છે કે તે ગણતંત્ર દિવસને જોતા આઉટર રિંગ રોડમાં ટ્રેક્ટર રેલીની પરવાનગી નથી આપી શકતા. દિલ્હી પોલીસે સૂચન આપ્યુ કે ખેડૂત કેએમપી હાઈવે પર પોતાની ટ્રેક્ટર માર્ચ કાઢે. ગણતંત્ર દિવસને જોતા ટ્રેક્ટર માર્ચને સુરક્ષા આપવામાં કઠિનાઇ થશે. બેઠક બાદ સ્વરાજ અભિયાનના નેતા યોગેન્દ્ર યાદવે જણાવ્યુ- પોલીસ ઇચ્છે છે કે ખેડૂત દિલ્હીની બહાર જ રેલી કાઢે પરંતુ આ શક્ય નથી. અમે દિલ્હીની અંદર શાંતિથી રેલી કાઢીશું.

ખેડૂત નેતા દર્શન પાલે કહ્યુ, ''બેઠકમાં દિલ્હી પોલીસે કહ્યુ કે આઉટર રિંગ રોડ પર પરવાનગી આપવી મુશ્કેલ છે અને સરકાર પણ તેની માટે તૈયાર નથી પરંતુ અમે કહી દીધુ છે કે અમે રિંગ રોડ પર જ રેલી કરીશું, તેમણે (પોલીસે) કહ્યુ કે અમે જોઈએ છીએ. કાલે અમારી પોલીસ સાથે ફરી બેઠક મળશે.''

મહત્વપૂર્ણ છે કે નવા કૃષિ કાયદા પર ગતિરોધ દૂર કરવા માટે બુધવારે ૧૦માં તબક્કાની બેઠકમાં કેન્દ્ર સરકાર થોડી ઝુંકી હતી અને કાયદાને ૧.૫ વર્ષ માટે રદ કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો. સરકારે ખેડૂત સંગઠન અને સરકારના પ્રતિનિધિઓની એક સંયુક્ત સમિતીની રચના કરવાનો પણ પ્રસ્તાવ આપ્યો છે પરંતુ ખેડૂત નેતાઓએ તેને ફગાવી દીધો હતો અને કહ્યુ કે તે એક બીજા સાથે ચર્ચા બાદ કેન્દ્ર સામે પોતાના વિચાર મુકશે.

અમેરિકામાં ૧૦૦ દિવસ માટે માસ્ક પહેરવું ફરજીયાત કરાયું

સત્તા સંભાળતા જ બાઈડન એક્શનમાં: ટ્રમ્પ આઠ નિર્ણયો પલ્ટાવ્યાં

૧.૧ કરોડ એવા પ્રવાસીઓને ફાયદો થશે જેની પાસે કોઇ કાયદાકીય દસ્તાવેજ નથી જેમાં ૫ લાખ ભારતીયો સામેલ

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનને સત્તા સંભાળતાંની સાથે જ તેઓ એકશનમાં આવી ગયા છે. બાઈડેને એક પછી એક તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પના અનેક નિર્ણયોને રદ કરીને ઘણા કાર્યકારી આદેશો પર હસ્તાક્ષર કર્યા છે. દરમ્યાન બાઈડેને પણ પ્રવાસીઓને રાહત આપતા એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશથી ૧.૧ કરોડ એવા પ્રવાસીઓને ફાયદો થશે જેની પાસે કોઈ કાયદાકીય દસ્તાવેજ નથી. તેમાં લગભગ ૫ લાખ ભારતીય છે.

બાઈડને કોરોના વાઈરસ અંગેના ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા, જેના હેઠળ માસ્કને ફેડરલ પ્રોપર્ટી જાહેર કરાઈ છે, એટલે કે દરેક વ્યક્તિએ મહામારી દરમિયાન માસ્ક પહેરવું જરૂરી રહેશે. જો તમે સરકારી બિલ્ડિંગમાં છો અથવા કોરોના હેલ્થવર્કર છો તો સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવું ફરજિયાત હશે. ટ્રમ્પે માસ્ક માટે કોઈ સખતાઈ નહોતી કરી.

જો બાઈડેને શપથ લીધા બાદ સૌપ્રથમ ઈમિગ્રેશન સિસ્ટમમાં સંપૂર્ણપણે ફેરફાર કરવાનું શરૂ કર્યું. તેમના આદેશો હેઠળ ઘણા દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા જે ટ્રમ્પના વિવાદાસ્પદ ઈમિગ્રેશન નીતિઓને બદલનાર છે. જો બાઈડેને અમેરિકન કોંગ્રેસને વિનંતી કરી છે કે ૧.૧ કરોડ ગેરકાયદેસર પ્રવાસીઓની સ્થાયી દરજ્જો અને તેમના નાગરિકત્વ માટેનો માર્ગ મોકળો કરતાં કાયમી દરજ્જાની ખાતરી કરવા માટેનો કાયદો બનાવ્યો. એક અનુમાન મુજબ ભારતીય મૂળના લગભગ ૫ લાખ લોકો એવા છે કે જેમની પાસે કાયદાકીય દસ્તાવેજો નથી.

અમેરિકા હવે પેરિસ સમજૂતીમાં ફરી સામેલ થશે. ટ્રમ્પે ૨૦૧૯માં આ સમજૂતીથી બહાર જવાનો નિર્ણય કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત, ચીન અને રશિયા પ્રદૂષણને વધારી રહ્યા છે, સાથે જ અમેરિકા આ મામલામાં સારી કામગીરી કરી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે આ સમજૂતીથી બહાર થયા પછી અમેરિકા ૭૦ વર્ષમાં પહેલી વખત ઓઈલ અને કુદરતી ગેસનું નંબર વન ઉત્પાદક બની ગયું છે.

બાઈડને મેક્સિકો બોર્ડરના ફંડિંગ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. ટ્રમ્પે મેક્સિકોથી આવતા પ્રવાસીઓને જોતાં દીવાલ બનાવવાને નેશનલ ઈમર્જન્સી ગણાવી હતી.

હવે અમેરિકા ફરીથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું સભ્ય હશે. બાઈડને ગત વર્ષે જુલાઈમાં કહ્યું હતું કે જો અમેરિકા ગ્લોબલ હેલ્થને મજબૂત કરશે તો તે પોતે પણ સુરક્ષિત રહેશે.રાષ્ટ્રપતિ બન્યાના પહેલા દિવસે જ અમેરિકાની વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થામાં વાપસી કરાવીશ. ટ્રમ્પે ગત વર્ષે અમેરિકાને વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થાથી હટાવવાનો નિર્ણય કર્યો હતો.

બાઈડને મુસ્લિમો પરનો પ્રતિબંધ હટાવવાના ટ્રમ્પના નિર્ણયને પલટી દીધો છે. ૨૦૧૭ માં ટ્રમ્પે મુસ્લિમ બહુમતી ધરાવતા સાત દેશો ઈરાક, ઈરાન,લિબિયા, સોમાલિયા, સૂડાન, સિરિયા અને યમન પર પ્રતિબંધ મૂકી દીધો હતો. બાઈડને આ દેશોના લોકો માટે વિઝા પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે. તેની સાથે જ તેમણે એમ પણ કહ્યું કે જેમને નુકસાન થયું છે તેમને વળતર આપવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

કોરોના વેક્સિનની આડઅસર બહુ જ ઓછા લોકોમાં જોવા મળી

કોરોના વેક્સિન કોરોનાના કોફીનમાં આખરી ખીલા સમાન સાબિત થશે: સ્વાસ્થ્ય મંત્રી

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં ચાલી રહેલા કોરોનાના રસીકરણ અભિયાનની વચ્ચે કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને કહ્યુ છે કે, કોરોનાની રસી કોરોનાના કોફીનમાં આખરી ખીલા સમાન સાબિત થશે.અત્યાર સુધીમાં ૮ લાખ લોકોને રસી આપવામાં આવી છે અને બહુ જ ઓછા લોકોમાં તેની આડઅસર જોવા મળી છે.જે તમામ વેક્સીન મુક્યા પછી કેટલાક કેસમાં જોવા મળતી હોય છે.

કોરોના રસીને યોજાયેલા કાર્યક્રમમાં હાજર રહેલા ડો.હર્ષવર્ધને કહ્યુ હતુ કે, તેમણે કહ્યુ હતુ કે, કમનસીબી છે કે દેશમાં કેટલાક લોકો જાણી જોઈને માત્ર રાજકીય કારણોસર કોરોનાની રસી સામે અપપ્રચાર કરી રહ્યા છે.જેનાથી સમાજના એક નાના વર્ગમાં રસીને લઈને શંકાઓ ઉભી થઈ છે.સરકાર ઈચ્છે છે કે, જે લોકોને ગેરસમજ થઈ છે તેમને પણ કોઈ નુકસાન થવુ જોઈએ નહીં.

દેશમાં આઠ લાખ લોકોને રસી મુકાઈ છે.અને આંગળીના વેઢે ગણાય તેટલા લોકોમાં તેની આડઅસર જોવા મળી રહી છે.

જો કોરોનાની વાત કરવામાં આવે તો દેશમાં હવે માત્ર ૧.૯૨ લાખ એક્ટિવ કેસ છે.જયારે દેશમાં અત્યાર સુધી ૧.૫૨ લાખ લોકોના મોત થયા છે.જયારે ૧.૦૨ કરોડ લોકોને સારવાર બાદ અત્યાર સુધીમાં રજા અપાઈ છે.હાલમાં કોરોનાના દર્દીઓનો રીકવરી રેટ ૯૬ ટકા કરતા પણ વધારે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૪૭૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૭૮૧૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૨૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૭૯૫૦

પુલવામા હુમલો સુનિયોજિત ષડયંત્ર હતું: શિવસેના

ભાજપએ ચૂંટણી જીતવા પુલવામા હુમલામાં ૪૦ જવાનોનું લોહી વહાવ્યું

ન્યુ દિલ્હી,તા.૨૧

એક સમયે ત્રણ ત્રણ દાયકા સુધી ભાજપની સાથે રહેલા શિવસેનાએ એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી જીતવા માટે ખુદ ભાજપે પુલવામામાં ૪૦ સીઆરપીએફ જવાનોનું લોહી વહાવ્યું હતું.

ટીઆરપી વધારવા વિવિધ ટીવી ચેનલ્સ દ્વારા રમાતા કાવાદાવાની તપાસ દરમિયાન રિપબ્લિક ટીવીના વડા તંત્રી અર્ણબ ગોસ્વામી અને બાર્કના ભૂતપૂર્વ વડાની વ્હૉટ્સ એપ ચેટ બહાર આવ્યા પછી શિવસેનાએ આવો ગંભીર આક્ષેપ કર્યો હતો.

પોતાના મુખપત્ર સામનામાં લખેલા અગ્રલેખમાં શિવસેનાએ કહ્યું હતું કે પુલવામાની ઘટના આતંકવાદી હુમલો નહોતો પણ ભાજપે ચૂંટણી જીતવા માટે સીઆરપીએફના ૪૦ જવાનોનું લોહી રેડ્યું હતું. અર્ણબ ગોસ્વામીની બહાર આવેલી વ્હૉટ્સ એપ ચેટ આવા આક્ષેપોને સમર્થ આપે છે. અર્ણબ ગોસ્વામીની ટીવી ચેનલે ટીઆરપી વધારવા માટે આ પ્રકારના ગોરખધંધા કર્યા હતા.

સામનામાં વધુમાં લખવામાં આવ્યું હતું કે અર્ણબ ગોસ્વામીની વ્હૉટ્સ એપ ચેટે રાષ્ટ્રીય સલામતી સાથે સંકળાયેલી ઘણી વાતો પ્રગટ કરી દીધી હતી. આ મુદ્દે ભાજપ કેમ તાંડવ નથી કરતું. ચીને અરુણાચલ પ્રદેશમાં ઘુસણખોરી કરીને ગામ વસાવી દીધું એ મુદ્દે કેમ ભાજપ તાંડવ નથી કરી રહ્યું. અર્ણબ ગોસ્વામીને રાષ્ટ્રીય સલામતીને લગતી ગુપ્ત બાબતો કોણે આપી હતી, એની સામે ક્યારે પગલાં લેવાશે એ ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ.

સામનામાં ભાજપની આજના જેવી આકરી ટીકા અગાઉ બહુ ઓછા પ્રસંગે થઈ હતી. સામનાએ લખ્યું કે અર્ણબ ગોસ્વામીએ ૪૦ જવાનોની શહાદતનું ઘોર અપમાન કર્યું હતું. એવું અપમાન તો પાકિસ્તાનીઓએ પણ નથી કર્યું. અર્ણબના દેશદ્રોહના મુદ્દે ભાજપ મોઢામાં મગ ભરીને કેમ બેઠો છે.

તંત્રી સ્થાનેથી...

જર્મની પણ વેક્સિન લેવા લાઈનમાં....જો બાઈડેનની ભેટ ભારતીયોને નાગરીકતા.....!

વશ્વભરના દેશોની નજર હાલના સમયમાં અમેરિકાના ૪૬ માં રાષ્ટ્રપતિ જો બાઈડેન પર અને ભારતમાં ઉત્પાદિત કોરોના નાયક બે વેક્સિન પર ચોટી ગઈ છે. અને આ બંને બાબતો વિશ્વભરમાં ફરી વળતા સેન્સેકસમાં ઉછાળો આવ્યો તો બાયોમેડિકલ કંપનીઓના શેરોમાં પણ મોટો ઉછાળો આવ્યો છે. જ્યારે કે અમેરિકાના નવા રાષ્ટ્રપતિના દરેક બોલ પર સૌ કોઇની નજર છે. તેમાં અગ્રસ્થાને ભારત ઉત્પાદિત બે કોરોના રસી પર છે.... તેમાં પણ ભારતને ભારત બાયોટેક કોરોના નાથવા માટેના સંશોધનમાં એક પગલું આગળ વધી ગઈ છે જેમા કોરોના નાથવા જે રસી ઈન્જેકશન દ્વારા આપવામાં આવે છે તેના બદલે હવે નાક દ્વારા દવા લઈને કોરોના નાથી શકાય તેવી દવા તૈયાર કરી છે. તેના ટ્રાયલ પણ આખરી તબક્કામાં સફળ થયા હોવાનું બહાર આવતા વિશ્વના દેશોની નજર ભારત પર જામી ગઈ છે. નાક દ્વારા લેવાનાર કોરોના નાશક દવા ટૂંક સમયમાં માર્કેટમાં આવી શકે.....! અત્યારે વિશ્વમાં ફાઈઝર રસી સામે મોટાભાગના દેશોના લોકો શંકાની નજરે જુએ છે. તેમાં પણ તાજેતરમાં નોર્વેમાં રસી આપ્યા બાદ તેની સાઇડ ઇફેક્ટ થતાં ૧૩ લોકોના મોત થયા અને ૨૯ જેટલા હોસ્પિટલાઈઝ કરવા પડ્યા.... આમ છતાં વિશ્વના દેશો રશિયા, ચીન, અમેરિકા જેવા દેશોમાં ઉત્પાદિત કોરોના વેક્સિન પર લોકો સંપૂર્ણ વિશ્વાસ કરતા નથી. જ્યારે કે ચીન ઉત્પાદિત કોરોના રસી કોઈ દેશ લેવા તૈયાર નથી કારણ કે ચીનમાં પુનઃ બીજા તબક્કામાં કોરોના વાઇરસ ત્રાટકતાં અનેક લોકોના મોત થયા છે. ચીને સાઈનોફાર્મ રસી બનાવી છે, યુએસએ ફાઈનલઅને રશિયાએ સ્પુતનિક ફાઈવ વેક્સિન જ્યારે કે ભારતે કોવિશિલ્ડ અને કોવેક્સિન રસી બનાવી છે.ચીનની રસી પર પાકિસ્તાન સહિત કોઇ દેશ વિશ્વાસ કરતું નથી તો અમેરિકાની રસી લીધા બાદ મૃત્યુ થયા અને આડઅસરો થઈ એટલે લોકો તે રસીથી ડરે છે. ભારતની બંને રસી લગભગ સફળ રહી છે અને બાંગ્લાદેશને રસીના ૨૦ લાખ ડોઝ, નેપાળને ૧૦ લાખ રસીના ડોઝ રવાના કર્યા છે.તે સાથે ભારતે ૧૦ પાડોશી દેશોને રસી ડોઝ આપવાની જાહેરાત કરી છે... ત્યારે જર્મનીના વડા પ્રધાને પોતાના દેશને રસી ક્યારે આપવામાં આવશે...? તેવો સવાલ કર્યો છે કારણ ભારતની વસ્તીના પ્રમાણમાં તથા પડોશી દેશોને રસી આપ્યા બાદ રસી મળે તેવી દહેશત પેદા થવા પામેલ ત્યારે વડાપ્રધાને એવું આશ્વાસન આપ્યું છે કે હવે પછીથી મળશે....

વિશ્વના મહાન લોકશાહી દેશ અને મહાસત્તા અમેરિકામાં ૨૦ મી જાન્યુઆરીએ સુરક્ષા જવાનોની સઘન સુરક્ષા વચ્ચે અમેરિકાના ૪૬ મા રાષ્ટ્રપતિ તરીકે જોબ બાઈડેન અને ભારતીય મૂળના પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે કમલા હેરીશે શપથ લીધા.... ત્યારબાદ નવા રાષ્ટ્રપતિએ કેટલાક જરૂરી પત્રો પર સહી કર્યા બાદ પોતાના સંબોધનમાં કહ્યું કે અમેરિકાનો આત્મા અને તેના ભવિષ્યને સુરક્ષિત રાખવા અતિ જરૂરી છે. લોકશાહીમાં એકતાનું મહત્વ છે અને આ એકતાને કારણે આપણે દરેક મંજીલ મેળવી શકીએ છીએ. લોકોને સારી નોકરીઓ અને સુરક્ષિત શાળાઓ મળે, એકતાની તાકાત ઉપર અમેરિકાને વિશ્વમાં સારી વસ્તુઓનો સરતાજ બનાવી શકે છે. તેમણે કહ્યું કે અહીં સિવિલ વોર જેવી પરિસ્થિતિ છે. તોફાનો આપણા કાર્યોને મૌન ન કરી શકે. સમગ્ર અમેરિકાને એકજૂટ રાખવાના મારા પ્રયત્નો હશે જેમાં દરેક અમેરિકન જોડાય તેવી તેમણે અપીલ કરી હતી. દરમિયાન તેઓએ પાંચ લાખ ભારતીયોને તાકીદે નાગરિકતા આપવાની કાર્યવાહી કરવા આદેશ આપવા સાથે ૨૦૧૫માં હસ્તાક્ષર કરેલ જળવાયુ સમજૂતીમાં પાછા ફરવાની યોજના બનાવી છે જોકે ચીન અને પાકિસ્તાનને બીજા પ્રદેશમાં ઘુસખોરી કરવા અને ત્રાસવાદી હુમલા બાબતે ચેતવણી આપી હતી. બીજી તરફ જો બાઈડેને શપથ લીધા સમયે ચીને ટ્રમ્પ સમયના અમેરિકાના પોમ્પિયો સહિત ૩૦ અધિકારીઓ પર પાબંદી ફરમાવી દઈનેઆકરું વલણ જાહેર કરી દીધું છે......!!

૫૦ હજાર બકરીઓને મારી નાંખવાનો નેધરલેન્ડ સરકારનો આદેશ

એમ્સ્ટરડેમ,તા.૨૧

બકરીના સંપર્કમાં આવવાથી થયેલા ન્યૂમોનિયાના પગલે નેધરલેન્ડની સરકારે પચાસ હજાર બકરીને મારી નાખવાનો આદેશ આપ્યાના અહેવાલ મળ્યા હતા.

એક તરફ કોરોનાનો ચેપ છે અને હજારો લોકોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. જો કે રસીકરણ ત્યાં પણ શરૂ થઇ ચૂક્યું છે. એ દરમિયાન એવા ચોંકાવનારા રિપોર્ટ મળ્યા હતા કે સધર્ન નેધરલેન્ડમાં રહેતા સંખ્યાબંધ લોકોમાં ન્યૂમોનિયાનાં લક્ષણ દેખાયાં હતાં.

હકીકતમાં આ વિસ્તારમાં બકરીના સંખ્યાબંધ ફાર્મ છે. નિષ્ણાતો માનતા હતા કે બકરીના સંપર્કમાં આવવાથી લોકોને ન્યૂમોનિયા થતો હતો. લોકો હવે એવા ડરમાં હતા કે બકરીઓનો સંપર્ક નવી મહામારી તો નહીં લાવેને . વાસ્તવમાં છેલ્લાં બાર વર્ષમાં સધર્ન નેધરલેન્ડ્સમાં બકરીના ગર્ભપાતના કિસ્સામાં જબરો વધારો નોંધાયો હતો. આ વિસ્તારમાં અનેક ડેરી ફાર્મ છે. ગર્ભપાતના કિસ્સા વધ્યા પછી વેટરનરી નિષ્ણાતોને બકરીના સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. ૧૦માંથી નવ સેમ્પલ હાનિરહિત નીકળ્યા. આખરે ૨૦૦૮માં નેધરલેન્ડના નૂર્ડ-બ્રાન્ટ પ્રાંતમાં શ્વાસરોગ ક્યૂના તાવની ઘટનાને સમર્થન મળ્યું. આ બીમારી ઘેટાં-બકરી અને દૂધ આપતા બીજા પ્રાણીઓમાં જોવા મળી હતી.

લોકોમાં ક્યૂ અને ન્યૂમોનિયાનો ચેપ લાગવાની ઘટનાઓ શરૂ થઇ ગઇ હતી. એ વધુ પ્રસરે એ પહેલાં પચાસ હજાર બકરીને મારી નાખવાનો આદેશ નેધરલેન્ડની સરકારે આપ્યો હતો. કેટલાક લોકોને તો આ ચેપથી હાર્ટ અટેક પણ આવ્યો હોવાના અહેવાલ હતા. અત્યાર સુધીમાં આ ચેપથી ૯૫ લોકો મરણ પામ્યા હોવાના અહેવાલ હતા. ખાસ કરીને ન્યૂમોનિયાનો પ્રસરાવ બકરીઓના ફાર્મથી શરૂ થયો હોવાનો નિષ્ણાતોનો મત હતો.

બકરી ફાર્મની આજુબાજુ રહેતા વીસથી ૫૫ ટકા લોકોમાં ન્યૂમોનિયાનાં લક્ષણો જોવા મળ્યાં હતાં. ફાર્મના પરિઘમાં એકથી દોઢ કિલોમીટર વિસ્તારમાં રહેતા લોકોમાં આ ચેપ જોવા મળ્યો હતો.

ડ્રેગન ફ્રુટના આકાર કમળ જેવો છે, તેથી તેનું નામ કમલમ રખાયુંઃ સીએમ રૂપાણી

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી વિજય રુપાણીએ ડ્રેગન ફ્રુટના નામ બદલવા પર નિવેદન આપ્યું છે. સીએમ રુપાણીએ કહ્યું કે ડ્રેગન ફ્રુટના આકાર કમળ જેવો છે, તેથી તેનું નામ કમલમ રખાયું છે. આ મુદ્દે રાજકારણ ન થવું જોઇએ. હાલમાં થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી વિજય રુપાણી દ્વારા ડ્રેગન ફ્રુટનું નામ બદલવાને લઇને તીખી પ્રતિક્રિયાઓ સામે આવી હતી. જેને લઇને આજરોજ ઝસ રુપાણી દ્વારા પલટવાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી રુપાણીએ ડ્રેગન ફ્રુટના નામ બદલવા પર નિવેદન આપતા કહ્યું કે ડ્રેગન ફ્રુટનો આકાર કમળ જેવો હોય તેનું નામ કમલમ રખાયું છે. આ મુદ્દે રાજકારણ ન થવું જોઇએ.

આ પહેલા કોરોના વેક્સિન મુદ્દે મુખ્યમંત્રી વિજય રુપાણીએ નિવેદન આપ્યું હતું. જેમાં સીએમ રુપાણીએ કહ્યું કે વેક્સિન પર પ્રથમ અધિકાર હેલ્થવર્કર્સનો છે. બીજા રાઉન્ડમાં અમે વેક્સિન લઇશું. ગાંધીનગર ખાતે યોજેલ એક પત્રકાર પરિષદ દરમિયાન સરકારે પણ ડ્રેગન ફ્રૂડને કમલમ્ નામ આપી દીધું હતું અને તેને પેટર્ન માટે અરજી પણ કરી છે. આ ફળની ખેતી કચ્છ સહિત ગુજરાતમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં થઇ રહી છે. પરંતુ તેનું ડ્રેગન ફ્રૂટ નામ શોભતું નહીં હોવાનું સરકાર માને છે.

તેથી હવેથી આ ફ્રુટને કમલમ અથવા કમલમ્ ફ્રુટનું નામ આપવાની જાહેરાત મુખ્ય મંત્રી રૂપાણીએ કરી હતી. ડ્રેગન ફ્રુટને કમલમ નામ આપવા પર કોંગ્રેસે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, સરકાર નામકરણ કરવામાં વ્યસ્ત છે. આ સાથે જ એવું પણ કહ્યું હતું કે, હવે કોઈ મુદ્દો નથી એટલે ફ્રુટના નામકરણ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

થલતેજ-શીલજ-રાચરડા ઓવરબ્રિજનું લોકાર્પણ, ૧૦ લાખથી વધુ લોકોને મળશે રાહત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. ધારાસભ્યશ્રી, ઘાટલોડિયાના મુખ્ય મહેમાનપદે
શ્રી અમિતભાઈ શાહ
માન. સાંસદ અને ગૃહમંત્રીશ્રી, ભારત સરકારના અધ્યક્ષસ્થાને
યોજવામાં આવેલ છે.
તારીખ : ૨૧ જાન્યુઆરી ૨૦૨૧, ગુરૂવાર સમય : સવારે ૧૧.૦૦ કલાકે
સ્થળ : ટ્રેગર એન્કલેવની બાજુમાં, અલ્ટીયસ લીવીંગની સામે, શીલજ, અમદાવ

રાજકોટ,તા.૨૧

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે, જેના ભાગરૂપે શાસકપક્ષ ધડાધડ એક પછી એક પ્રોજેક્ટના લોકાર્પણ કરી રહ્યું છે. આજે અમદાવાદમાં થલતેજથી શીલજ, રાંચરડા રોડ પર આવેલા આંબલી રેલવે ફાટક ખાતે ૫૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા રેલવે ઓવરબ્રિજનું કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા લોકાર્પણ કરાયું છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે વીડિયો કોન્ફરન્સથી લોકાર્પણ કર્યું હતું. તમને જણાવીએ કે ૨૦૧૫માં આ બ્રિજનું કામ શરૂ કરાયું હતું. જેથી હવે રોજના ૧૫૦૦૦ જેટલા વાહનચાલકોનો સમય બચી શકશે.

અમદાવાદ ખાતે શીલજ ઓવરબ્રિજનું દિલ્હીથી ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આંબલી રેલવે ફાટક ઓવરબ્રિજનું લોકાર્પણ કરતા ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાતે હરણફાળ ભરી છે. નીતિન પટેલ રહ્યા ઉપસ્થિતઆ પ્રસંગે ઉપસ્થિત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે નિવેદન આપ્યું કે શીલજ અને થલતેજ વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં વધારો થયો છે.

બીજી બાજુ શીલજ પાસેના રેલવે ટ્રેક પરથી રોજની ૧૦૦ જેટલી ટ્રેનો પસાર થાય છે જેના કારણે ટ્રાફિક જામ તથા પ્રદુષણ ફેલાવાની ઘટના બની ગઈ હતી. આમ હવે આ બ્રિજ બનવાના કારણે આ તમામ સમસ્યાઓનું નિરાકરણ આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં થલતેજથી શીલજ, રાંચરડા રોડ પર આવેલા આંબલી રેલવે ફાટક ખાતે ૫૫ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ તૈયાર થયો છે.

વડોદરાના કોરોનાના પ્લાઝમાના દર્દી માટે પ્લાઝમા ડોનેટ કરનાર રાજપીપલાના યુવાનને વડોદરા જઈને પ્લાઝમા બ્લડ ડોનેટ કર્યું.

રાજપીપળા,તા.૨૧

રાજપીપળાના કોરોના પોઝિટિવ માંથી સાજા થયેલા સેવાભાવી યુવાન વિજય રામીએ કોવીડ ૧૯ ના દર્દીને વડોદરામાં એ પ્લાઝમા ડોનેટ કર્યું હતું.વડોદરાના કોરોના પ્લાઝમાના દર્દી માટે પ્લાઝમા ડોનેટ કરનાર વિજય રામની પ્રથમ યુવાન છે.

વિજયભાઈના જણાવ્યા અનુસાર હું તા. ૨૬-૮-૨૦ના રોજ કોરોના પોઝિટિવ થયો હતો.અને ૩૧ -૮ના રોજ સાજો થઈ જતાં મને ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો.મારું બ્લડ-ગ્રુપ એ પોઝિટીવ છે. મને રાજપીપળાના ડોકટર મિત્ર વનરાજભાઈ દ્વારા પ્લાઝમા ડોનેટ કરવા અંગે માર્ગદર્શન મળ્યું હતું. તેથી મેં ફેસબુક પર મેં મારી પોસ્ટ મૂકીને જેને સમજવાની જરૂર હોય તે મારો સંપર્ક કરી શકે છે.એમ મેં માં રહી સ્વેચ્છિક પ્લાઝમા ડોનેટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

મારી પોસ્ટ વાંચીને તા ૧૭ મી જાન્યુઆરીએ ૧૦.૩૫ ખાનગી હોસ્પિટલના એક ડો.અનિલ રસનો વડોદરા થી ફોન આવ્યો હતો.જેને હું કોઈ દિવસ મળ્યો પણ નથી,મારી ત્રણ મહિના જૂની પોસ્ટ વાંચીને એફબી પર થી નંબર શોધીને એમને મારો સંપર્ક કર્યો.અને જણાવેલ કે એક કોવીડ પેશન્ટને પ્લાઝમાની જરૂર છે આપ આપશો ?

કોવિડ-૧૯ ના પેશન્ટ ને વડોદરામાં છ પ્લાઝ્મા ડોનેટ કર્યું.

હું ઊંઘ માં હતો,ને મેં કહ્યું આવતી કાલે,સોમવારે બપોરે હું આપવા આવી જઈશ. એમણે મારી માટે ગાડી મોકલવાની પણ વાત કરી પણ મેં ના પાડી હતી. હું બીજે દિવસે

સવારે જાતે વડોદરા જઈને એ ડોક્ટરનો સંપર્ક કરીને પ્લાઝમા ડોનેટ કર્યું હતું.વિજય રામી અન્ય લોકોને પણ મેસેજ આપતા તમે પણ કોવીડ માંથી સારા થઈને આવ્યા હોય તો આ પ્રકારે કોઈને મદદ થઈ શકાય છે.કદાચ કોઈનું જીવન બચી જાય અત્રે ઉલ્લેખનીય છે કે જેને કોરોના પોઝિટિવ માંથી સાજા થતા થાય થયા હોય તેવી વ્યક્તિ જ પ્લાઝમા આપી શકે છે.આ પ્લાઝમાંથી કોરોના વાયરસ સામે લડવાની પ્રતિકારક શક્તિ વધારે હોવાથી કોરોનાના દર્દી માટે લાભદાયી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વૈચ્છિક રક્તદાન પછી પ્લાઝમા બ્લડ ડોનેટ અંગે પણ નર્મદામાં જાગૃતિ આવી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

આરએસએસ પ્રમુખ ભાગવત આજથી ૪ દિવસના રાજકોટ-સૌરાષ્ટ્રના પ્રવાસે

રાજકોટ,તા.૨૧

આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત રાજકોટ આવી પહોંચશે અને રાજકોટમાં રોકાણ કરશે.છેલ્લા એક વર્ષથી સંઘના કાર્યકરો કોરોનાવાયરસની પરિસ્થિતિ સામે અવિરત સેવા કાર્ય કરી રહ્યા છે. તાજેતરમાં અમદાવાદ ખાતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા સહિતના આગેવાનોની હાજરીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની મહત્વની બેઠક મળી ગયા બાદ હવે આજથી ૪ દિવસ માટે રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનના આરએસએસના આગેવાનો સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તેઓ પોતાની હાજરીથી કાર્યકર્તાઓ ને પ્રોત્સાહિત કરશે. આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવત તારીખ ૨૨ ના સાંજે રાજકોટ આવી પહોંચશે અને કાર્યકર્તાઓના ઘરે ભોજન તથા નિવાસ કરશે બાદમાં તારીખ ૨૩ ના રોજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આગામી તારીખ ૨૫ના રોજ સંઘના પ્રચારકના પરિવારજનોને મળશે અને બપોરના ભોજન પછી અમદાવાદ જવા નીકળી જશે.

રાજકોટમાં મુખ્યમંત્રીના હસ્તે ૪૮૯ કરોડનાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ

રાજકોટ,તા.૨૧

આજે સીએમ રૂપાણીના હસ્તે ૪૮૯.૫૦ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજકોટમાં સીએમ રૂપાણીના હસ્તે આમ્રપાલી બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને આ અંડર બ્રિજ લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ સાથે જ કાલાવાડ રોડ પર બની રહેલા ફ્લાઇ ઓવર બ્રિજ સહિત ૪ બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું. મનપા દ્વારા નિર્માણ થયેલી જુદી જુદી આવાસ યોજનાઓમાં ખાલી રહેલાં ૫૬.૫૮ કરોડના ૪૧૬ આવાસોનો ઝસ્ના હસ્તે કમ્પ્યુટરાઈઝ ડ્રો કરવામાં આવ્યો હતો. વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂત સુખી છે. કોંગ્રેસની વાતમાં નથી આવ્યાં. ખોડૂતોને અહીં તમામ સુવિધાઓ મળી રહે છે. દિવસે વીજળી, પુરતું સિંચાઈનું પાણી રાજ્ય સરકારે આપ્યું છે. ડ્રેગન ફ્રૂટ ચાઈનીઝ નામ છે. તેનો આકાર કમળ જેવો છે એટલે કમલમ નામ આપ્યું છે. આમાં કોઈએ રાજકીય રંગ આપવાની જરૂર નથી.

આજે સીએમ રૂપાણીના હસ્તે કાલાવડ રોડ પર કે.કે.વી. ચોક પર તથા જડૂસ ચોકમાં ફોર લેન (૨+૨) ફ્લાઇ ઓવર બ્રિજ રૂપિયા ૧૫૮.૦૫ કરોડના ખર્ચે બનાવવા માટેનું અને નાનામવા ચોક અને રામદેવપીર ચોકમાં ફોર લેન બ્રિજ (૨+૨) સ્પ્લિટ ફલાઇ ઓવર બ્રિજ રૂપિયા ૮૨.૩૪ કરોડના ખર્ચે બનાવવા માટેનું ખાતમુહૂર્ત કર્યુ છે. બપોર બાદ વિજય રૂપાણીએ રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમજ હીરાસર એરપોર્ટ સ્થિત નવા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કર્યુ હતું. મહાકવચ એપ્લિકેશનનું અનાવરણ અને ફૂટબોલ ટૂર્નામેન્ટનો મુખ્યમંત્રી દ્વારા પ્રારંભ કરાવાયો છે. સીએમ વિજય રૂપાણીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે ૫૦૦ કરોડના કામો પૂરા કરી ગાંધીનગર પહોંચું ત્યાં ફોન આવે કે રાજકોટમાં બીજા કામો તૈયાર છે અમને તારીખ આપો. જે ખુબ સારી વાત છે.

રાજકોટ મનપા દ્વારા ખુબ ઝડપથી વિકાસના કામો કરવામાં આવી રહ્યાં છે. આપણે ગુજરાતના વિકાસને દોડતો રાખ્યો છે. રાજ્યમાં છેલ્લા ૬ મહિનમાં ૨૭ હજાર કરોડના વિકાસના કામો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. આ સાથે જ જણાવ્યું હતું કે કોરોનાના નિયમોનું પાલન કરી સોશિયલ ડિસ્ટન્સ જાળવી માસ્ક પહેરી બેઠા છો માટે તમને અભિનંદન આપું છું. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં ખેડૂતો સુખી છે. અહીંયાના ખેડૂતો કોંગ્રેસની વાતમાં આવ્યાં નથી. કારણ કે ખેડૂતોને તમામ સુવિધાઓ મળી રહી છે. દિવસે વીજળી અને પૂરતું પાણી રાજ્ય સરકારે આવ્યું છે. રાજકોટ શહેરના મધ્યભાગમાં આવેલા આ બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. વાહનચાલકો અને રાહદારીઓનો સમય બચશે. આમ, રાજકોટની પ્રજાને એક સુંદર નજરાણું મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પ્રાપ્ત થયું છે. અંડર બ્રિજની શરૂઆતમાં ×લવ રાજકોટ× સેલ્ફી ઝોનનું પણ નિર્માણ થયું છે.

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે વહેલી સવારે સોમનાથ મહાદેવનાં દર્શન કર્યાં હતા. અહીં તેમણે તત્કાલ મહાપૂજા કરીને ધ્વજા રોહણ કર્યું હતું. આ દરમિયાન તેમણે જર્જરિત નેશનલ હાઈવે મામલે કેન્દ્રમાં રજુઆત કરવાની ખાતરી આપી હતી. સોમનાથ ટ્રસ્ટનાં અધ્યક્ષ પદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવવાથી સોમનાથનો વિશેષ વિકાસ થશે તેવો આશાવાદ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

હિટલરશાહી ભાજપ સરકારને જાકારો આપવાનો સમય આવી ગયો છે : ઇન્દ્રનીલભાઈ રાજયગુરુ

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદીમાં જણાવ્યું છે કે આગામી રાજકોટ મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આગામી માસાંતે યોજાનાર હોય તે અનુસંધાને કોંગ્રેસ પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે તેમજ કોંગ્રેસ પક્ષ દ્વારા તમામ વોર્ડમાં વોર્ડ કમિટીની રચના થઇ છે. આ તકે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો શ્રી એ જણાવ્યું હતુ કે રાજકોટ શહેર માં કોંગ્રેસ પક્ષનો બુથ લેવલ આયોજન થયેલ છે. શ્રી અમીબેન યાજ્ઞીકે જણાવ્યું હતું કે રાજકોટ માં માઈક્રોલેવલનું બુથ મેનેજમેન્ટ કરવામાં આવેલ છે અને કોંગ્રેસ નો કાર્યકર જન જન સુધી પહોંચી કોંગ્રેસ પક્ષનો પ્રચાર કરી રહ્યો છે.

કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમારે જણાવેલું કે કોંગ્રેસ પક્ષ એ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની વેદના સમજી લોકોને ન્યાય અપાવ્યો છે તેમજ જીતેન્દ્ર બઘેલજી એ જણાવ્યું કે રાજકોટ શહેર કોંગ્રેસ એ ભાજપને મહાનગરપાલિકા ના ચુંટણી માં મુળિયા ઉખાડી ફેકી દેશે. તેમજ ચોટીલાના ધારાસભ્ય ઋત્વીકભાઈ મકવાણા જણાવ્યું હતું કે કોંગ્રેસ ની સરકારે પછાતવર્ગઓ માટે કામ કરતી સરકાર છે અને સમગ્ર ગુજરાતની જનતા કોંગ્રેસ ની કાર્યશૈલી થી સુખ્યાત છે અને ત્યારબાદ અશોકભાઈ ડાંગરે જણાવ્યું હતું કે આ દેશને અંગ્રજોની ગુલામી માંથી મુક્ત કરવા માટે ભારત ના નાગરિકો એ એક લડાઈઓ કરેલ હતી તેના કરતા પણ વધુ મજબુત લડાઈ કરી હિટલરના વારસદારો પાસેથી દેશ મુક્ત કરાવવાનો રહેશે.અને મહેશભાઈ રાજપૂત જણાવ્યું હતું કે આજની પરિસ્થિતિ માં આ ભાજપ સરકાર મોંઘવારીના માર થી માધ્યમ વર્ગને આપઘાત કરવો પડે તે સ્થિતિ તરફ દોરી રહી છે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માર્ગદર્શન હેઠળ જનસંપર્ક અભિયાન વોર્ડ નં.૧,૨,૩,૪,૭, ૧૨,૧૩,૧૪,૧૫ અને ૧૮માં તા.૨૦/૦૧/૨૦૨૧ના રોજ જનસંપર્ક અભિયાન યોજાયો હતો જેમાં વોર્ડના તમામ આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારો, સેક્ટર સંયોજકો, બુથ પ્રભારી, જનમીત્રો, સહિતના કોંગ્રેસ પરિવારના સભ્યોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા જયરાજસિંહ પરમાર, ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, રાજયસભા સાંસદ અમીબેન યાજ્ઞિક, પૂર્વ વિરોધપક્ષ નેતા નરેશભાઈ રાવલ અને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજગુરુ, ગુજરાત કોંગ્રેસના સ્ટેટેજી કમિટી સભ્ય ડૉ.હેમાંગભાઈ વસાવડા, રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પ્રદેશ કોંગ્રેસ આગેવાનો જશવંતસિંહ ભટ્ટી, મિતુલભાઈ દોંગા, દિનેશભાઈ મકવાણા, સુરેશભાઈ બથવાર, ગોપાલભાઈ અનડકટ, પૂર્વ શિક્ષણ સમિતિ ચેરમેન નાથાભાઈ કિયાડા, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી અશોકસિંહ વાઘેલા, માયનોરીટી ચેરમેન યુંનુશભાઈ જુણેજા, મહિલા કોંગ્રેસ પ્રમુખ મનીષાબા વાળા, સોસીયલ મીડિયા સ્ટેટ કોઓર્ડીનેટર ભાર્ગવભાઈ પઢીયાર, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આશવાણી, ગીતાબેન દીપકભાઈ પુરબીયા, રેખાબેન ઠાકરસીભાઈ ગજેરા, સીમીબેન જાદવ, વિજયભાઈ વાંક, સંજયભાઈ અજુડિયા, ઉર્વશીબા કનકસિંહ જાડેજા, જાગૃતિબેન ડાંગર, રવિભાઈ ખીમસુરીયા, મકબુલભાઈ દાઉદાણી, ભાનુબેન સોરાણી, નિર્મળભાઈ મારું, જયંતીભાઈ બુટાણી, ધર્મિષ્ઠાબા મયુરસિંહ જાડેજા, મેનાબેન જાદવ તેમજ વોર્ડ નં.૧ રમેશભાઈ જુન્જા, વોર્ડ નં.૨ પ્રમુખ કૃષ્ણદત રાવલ , વોર્ડ નં.૩ પ્રમુખ તુષારભાઈ દવે અને વોર્ડ નં. ૪ પ્રમુખ અલ્પેશભાઈ ટોપિયા, વોર્ડ નં.૭ પ્રમુખ કેતનભાઈ જરીયા, વોર્ડ નં.૧૨ પ્રમુખ જગદીશભાઈ સખીયા, વોર્ડ નં.૧૩ પ્રમુખ મેપાભાઈ કણસાગરા, વોર્ડ નં.૧૪ પ્રમુખ વિજયભાઈ જાની, વોર્ડ નં.૧૫ પ્રમુખ વાસુભાઈ ભંભાણી અને વોર્ડ નં.૧૮ પ્રમુખ દીપકભાઈ ઘવા એજહેમત ઉઠાવી જન સંપર્ક અભિયાન કાર્યક્રમનું સફળ આયોજન કરેલ હતું તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટ અને ગોપાલ મોરવાડિયાની યાદીમાં જણાવ્યું છે. (વિરલ ભટ્ટ)

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની આઠ પદ્ય રચના નીચે મુજબ છે.જન ફરિયાદ.ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર,ન્યૂઝ પોર્ટલ,ન્યૂઝ લાઇવ ચેનલ માં આપના સમાચારો ઓડિયો.વિડિયો મોકલવા તેમજ સાહિત્ય સરીતા ગ્રુપ માં મેબાર થવા સંપર્ક સાધો.janfariyadnews ચેનલ ને જેજ્ઞૌહ્નિ,જરટ્ટૂ,ક્ષૈી કરી આપના મોબાઈલ માં બધા જ સમાચારો જુવો. www.janfariyadnews.com Email : prdpraval42@gmail.com What's up calling : 9824653073

પદ્ય વિભાગ
NOG SS No :- 0001
વિભાગ - પદ્ય.
શીર્ષક - સંબંધો.

અજાણતાં જ અમે સંબંધોના વાવેતર કરી બેઠાં...!
તમે લાગણી બની વર્ષો, અમારી શ્રદ્ધા તળે..!
સબંધોને, આંખની પલકો પર બેસાડી રાખ્યાં અમે,
ખૂલ્લી આંખે સ્વપ્ન સજાવી બેઠાં અમે....!
જીવન બાગમાં સંબંધોને સંભાળવા,
માળી બની કંટકો ચૂંટતાં રહ્યાં અમે....!
મીઠાં જળથી સીંચવા સંબંધો અમે,
જગતની ખારાશ ઉરમાં સમાવી બેઠાં અમે..!
સંબંધોની મહેકાવવા અમે,
સંપૂર્ણ સમર્પણ, સ્વીકારી બેઠાં અમે...!
સંબંધોને 'હેમપ્રદીપ"ના ઝૂલે ઝુલાવવા,
મૌન રહી સ્નેહની બાજી હાર્યા અમે...!
યાદ કરશો, મારા ગયાં બાદ એ દોસ્તો,
'દીપ ' પ્રગટાવી જાત જલાવી ચાલ્યાં અમે...!

પ્રદીપ રાવલ...
ગ્રુપ સંચાલક..ગાંધીનગર

NOG SS NO- 0037
વિષય; પદ્ય.
શીર્ષક ; હું પતંગને તું દોર.

રંગીન કાગળ,રંગીન દોર,
રંગોથી રંગીલું મારું જીવન,
દોસ્તી, આપણી ગાઢ,
દિલમાં, છેદ કરીને રહું,
હું, પતંગને તું દોર....!
ચાર, ખૂણા,ચાર દિશા,
ચાર, દિવસની મારી જિંદગી.
શ્વાસ, મારા તુજમાં સમાયા...!
જીવન મારું, પવનની એક લહેર,
મસ્ત, બની ગગને વિહરું.....!
તારી ખુશી માટે, લુંટાવાનો,
પણ, મને અદકેરો આનંદ.....!
જીવન મારું એક સંદેશો,
ઊંચેરા આભે અડી આવું,
તારલાની, ચુંદડી ઓઢી,
ધરા પર પથરાઈ જાવું...!
અંતિમ, શ્વાસની સુંગંધ,
છોડી, દોર સાથે,
હસતે મુખડે,ભોં, માં ભળી જાવું,
કદી, ના છોડવાના બોલ,
હું પતંગને તું દોર....!

હેમલતા દિવેચા.જૂનાગઢ

ઉત્તરાયણ નિમિત્તે -
NOG SS No ; 0078
પ્રકાર - પદ્ય (વ્યંગ ગઝલ)
શીર્ષક - દાવપેચ

ગગનમાં જો પતંગોએ લડાવ્યા છે મજાના દાવપેચ;
ધરા પર હાય! લોકોએ જમાવ્યા છે મજાના દાવપેચ.
પતંગને જો ગણું માણસ ને જીવન દોર, શું કહું એ વિષે?
પ્રભુએ પણ રમત જોવા ઘડાવ્યાં છે મજાના દાવપેચ.
પતંગ કોઈનો કાપીને પિપૂડાં પણ ઘણાં નાચ્યાં હસ્યાં;
બીજાને કાપી હસવા લે કરાવ્યા છે મજાના દાવપેચ.
જો કાચી દોર રાખે તો કપાયજ જાય, એ તો એવું ભઈ;
કે નબળાને દબાવવા અહીં બનાવ્યા છે મજાના દાવપેચ.
બધાની છે નજર ઊંચા પતંગ પર, એવું અદ્દલ જોઈ લે;
પટક્વા ઊંચે ચડતાંને રચાવ્યાં છે મજાના દાવપેચ.
ચડે નહિ તો લગાડે પૂંછડી કે ફુદ્દી ને ખેંચે પછી;
ઘણાંનાં ખેંચવા ટાંગો ચગાવ્યાં છે મજાના દાવપેચ.
પહેરી ટોપી ને ગોગલ્સ લૂંટ્યા છે પતંગો કેટલાં?
જો ત્યાં પહેરાવવા ટોપી સજાવ્યાં છે મજાના દાવપેચ.
એ કાપ્યો છે, લપેટો ઓય "શ્વેતા" ઓયઓયે એમ કહી;
ઉતારે ફીરકી તેથી લગાવ્યા છે મજાના દાવપેચ.

- શ્વેતા તલાટી

NOG SS No - 0011
સાહિત્ય સરિતા
શબ્દ- ઉતરાયણ
પ્રકાર- મૌલિક રચના- ગીત
શીર્ષક : આવી છે ઉત્તરાયણ

આવી છે ઉત્તરાયણ, રંગીલી ઉત્તરાયણ,
પતંગ દોરીથી રંગીલો બનાવીએ તહેવાર.
સવારે અગાશીએ ચડીને પતંગ ચડાવીએ,
તલ, સીંગની ચીકી ખાઈને કરીએ તહેવાર.
એ કાપ્યો છે ને એ લપેટની બૂમો? પાડીએ,
શેરડી, બોરની જયાફતથી કરીએ તહેવાર.
સવારે ને સાંજે પંખીઓ ઊડી રહ્યાં ગગનમાં,
એ સમયે પતંગ કદી ન ચગાવી કરીએ તહેવાર.
ગાયને ઘાસ અને કૂતરાંને લાડવા આપીએ,
દાન ધર્મ કરીને આપણે સૌ ઉજવીએ તહેવાર.
પેલો સૂરજ દોડે છે આ કર્કવૃત્તથી મકરવૃત તરફ,
ડીજે ને ફટાકડાંની ધૂમધામથી ઉજવીએ તહેવાર.

મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર

NOG SS No :- :0051
પ્રકારઃ પદ્ય
શબ્દઃ મીઠાશ/સગપણ
શીર્ષકઃ" સગપણની મીઠાશ ઘનેરી રે"!

આંગણે અવસરની હેલી સખી,
સગપણની મીઠાશ ઘનેરી રે...
વાજા વગાડાવો રાજ,
સગપણની મીઠાશ ઘનેરી રે...
મ્હેંદીનો રંગ અનેરો આજ,
સગપણની મીઠાશ ઘનેરી રે...
ગોળ-ધાણા વહેંચ્યા સગપણમાં રાજ,
સગપણની મીઠાશ ઘનેરી રે....
ચિત્તલડાની ચુંદડી ઓઢોડી રાજ,
સગપણની મીઠાશ ઘનેરી રે....
ભાગ્યનો ભરથાર મળ્યો સખી,
સગપણની મીઠાશ ઘનેરી રે....
વાલમનું આંગણું શોભે આજ,
સગપણની મીઠાશ ઘનેરી રે...
મનનો મોરલિયો ટહુક્યા કરે,
સગપણની મીઠાશ ઘનેરી રે....
સાચું સગપણ પ્રીત પિયુનું સખી
સગપણની મીઠાશ ઘનેરી રે....

ઉર્વશી મહેતા ,અમદાવાદ.

NOG SS No : 0075
સાહિત્ય સરિતા
પ્રકાર : પદ્ય (બાળગીત)
વિષય : ઉત્તરાયણ
શીર્ષક : બાળારાજાની ઉત્તરાયણ

આજ ટોળી જમાવીને જઈશું ધાબે
ભાઈ, ઉત્તરાયણ છે!
પપ્પાજી લાવ્યા છે ઢગલો પતંગો
ભાઈ, ઉત્તરાયણ છે!
ફોઈએ મોકલાવ્યો છે સુરતી માંજો
ભાઈ, ઉત્તરાયણ છે!
ભાઈલો લાવ્યો છે કેપ અને ગોગલ્સ
ભાઈ, ઉત્તરાયણ છે!
બહેની મારી ફીરકી છે ઝાલવી તારે
ભાઈ, ઉત્તરાયણ છે!
પવનને તાલે મારી ઉડતી પતંગ
ભાઈ, ઉત્તરાયણ છે!
થવાય ઉદાસ ના પતંગ કપાતા
ભાઈ, ઉત્તરાયણ છે!
વાગે છે ધાબે પાવા પીપૂડાં
ભાઈ, ઉત્તરાયણ છે!
શેરડી, બોર અને ચીક્કીની પાર્ટી
ભાઈ, ઉત્તરાયણ છે!
મમ્મી બનાવે છે ઊંધિયું જલેબી
ભાઈ, ઉત્તરાયણ છે!
નાચીશું સાંજે ડી જે ને તાલે
ભાઈ, ઉત્તરાયણ છે!
પંખીડાં ઉડજો આજે સાચવીને આભે
ભાઈ, ઉત્તરાયણ છે!
માણો સૌ મોજ કરો મસ્તી ભરપૂર
ભાઈ, ઉત્તરાયણ છે!

કૌમુદી સોની સુરત

NOG સાહિત્ય સરિતા
NOG SS No :-- 0050
પ્રકાર - કવિતા
વિષય - ઉતરાણ
શીષેક -

ઉતરાયણ પતંગોની..
.હવે તો પહેલા જેવી ઉતરાયણ ક્યાં રહી છે...!
પેલી મમરાનાં લાડુંને તલની ચીકીની મીજબાની...!
એમાં ગુપ્ત રાખીએ પૈસો
ને ખાવા માટે કરીએ ઝગડા ઝગડી...!
હવે કયા પહેલા જેવી પડે ઠંડી..!
નથી લોકો હવે બનાવતા
ડબ્બા ભરીને મમરા ,
તલ , સૂકામેવાની ,
દાળિયાની ચીક્કીઓ....!
નથી ભરાઈ જાતું આકાશી ગગન રંગબેરંગી
પતંગોથી...!
કારણ કે...છૂટ્ટી થઈ ગઈ બંધ ,ઉતરાયણની...!
ને વળી આ વખતે તો કોરોનાનો મહા કેર..!
ન મને ,કમને પણ
જાવું પડતું ઓફિસ...,
પછી ક્યારે કરીએ ઉતરાયણની મજા....!
હવે વાસી ઉતરાયણમાં પણ ક્યાં દમ છે...!
ઓરમાયું જેવું વર્તન કરાય...!
જાણે પ્રસંગ પતી ગયોને
ખુરશી ટેબલોની અફડાતફડીમાં...!
ઠેર ઠેર પતંગના ટૂકડા
ફાટેલી પતંગ,ધાગાના લચકા ગુંચવાયેલા...!
કોઈ પંખી દોરીમાં ફસાયેલું ક્યાં...!
ધાબેથી લટકતો પતંગ વગેરે ક્યાંક ક્યાંક જોવા મળે...!
પેલો પવન છે ને ખૂબ ભાવ ખાય છે...!
ભાગ્યે કોઈ પતંગવીર સફળ થાય...!
ઉતરાયણ પર જે ઉલ્લાસ જોવા મળે એ
વાસી ઉતરાયણમાં ક્યાં ?
ઓટ જ જોવા મળે છે...!
પણ કાપજો બુરાઈની પતંગ..!
પ્રેમની પતંગ ઉડાવજો..!

રાગીની શુકલ"રાગ"
(મુંબઈ ,કાંદિવલી.)

સાહિત્ય સરિતા ગ્રુપ - ૧
NOG SS No ;- 0081
પ્રકાર : પદ્ય
શીર્ષકઃ ઉતરાયણ

ચાલો દાવ પેચ લગાવીએ સ્નેહ તણાં,
અને પતંગ ચગાવીએ આજ હેતનાં,
ગગન પણ રંગીન જોઈને પવન ફૂંકાશે જોશથી વ્હાલમાં.
પ્રેમની પતંગ ઉડાડી નફરતનાં પેચ કાપજો,
દોરીની જેમ સળંગ સંબધ લંબાવજો,
ઉતરાયણનો આ મહિમા હૈયે ધરી,
સૌ? એને દિલથી વધાવજો ..
તું તારે કર્યા કર ખેંચાખેંચ, અમે તો ઢીલ દેવામાં જ માનીએ,
હોય મોટો ફીરકો કે ભલે લચ્છો, અમે તો ગૂંચ ઉકેલવામાં જ માનીએ.
તલના લાડુ- ચીક્કીમાં છો ભરી મીઠાશ,
અમે તો શબરીનાં બોર બનવામાં જ માનીએ.
ભલે તું પાય કાચ તારા માંજાને,કર ભલે એને પાકો
અમે તો બધાંની ગૂંચ ઉકેલવામાં જ માનીએ. ભલે તું કાપ્યા કરે સૌનાં પતંગો ભર દોરીએ, અમે તો કોઈકની દોરીમાં લપેટાઈ જવામાં જ માનીએ,
અમે તો આપવામાં માનીએ , આપીને જ માણીએ..

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

તંત્રી
પ્રદીપ રાવલ
હેમલતા દિવેચા
શ્વેતા તલાટી
મનોજ પંચાલ
મન
ઉર્વશી મહેતા
રાગીની શુક્લ
રાગ
કૌમુદી સોની
માયા દેસાઈ

વિચાર વિમર્શ.

જ્ઞાન અને ભક્તિ અથવા બુદ્ધિ અને ભાવ દરેક મનુષ્ય માં એક સરખા નથી હોતા. ઓછા વત્તા પ્રમાણ માં હોય છે. તેના પર કાબુ પણ એક સરખો હોતો નથી.જે બુદ્ધિ પ્રધાન હોય છે તેમના માં ભાવના નું પ્રમાણ બહુ ઓછું હોય છે તેવીજ રીતે ભાવ પ્રધાન વ્યક્તિ માં બુદ્ધિ નું પ્રમાણ ઓછું હોવાથી તે જ્ઞાન વર્ધક વાત ને ઓછી સમજી શકે છે. અને જ્ઞાન નાં અભાવ માં કરાયેલી ભક્તિ ક્યારે વેવલા પણા માં પ્રવેશી જાય છે તે સમજાતું નથી.

પણ એક વસ્તુ તો છે કે ભક્તિ કરો,તે ચાલુ રાખ,તે બંધ નાં કરો દરેક વખતે મન માં ધુટતા રહો આ ભક્તિ હું પ્રભુ ની કરું છું. આટલી ભક્તિ તો આપને રોજ કરીએ છીએ. તેમાં કોઈ જુદી ભક્તિ કરવાની જરૂર નથી. કે મોટા પંડિત કે જ્ઞાની થવાની જરૂર નથી. બસ ભક્તિ કરો અને તેની પાછળ થોડી ઘણી સમજણ કેળવો.સમય જતા આપોઆપ અદર થી ભાવધારા ફૂટશે અને જ્ઞાન નો પ્રકાશ ફેલાશે.

ભરત દવે

રોડ પર દોડતી કારનું ટાયર નીકળી જતા પલટી ખાઈ જતા બે લોકો દબાઈ ગયા

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા-હિંમતનગર રોડ પર સબલપુરના વળાંકમાં હિંમતનગર તરફથી આવતી વેગનઆર કારનું ટાયર અચાનક નીકળી જતાં કાર પલ્ટી ખાઈ ધડાકાભેર રોડ પર પટકાતા કારમાં સવાર બે લોકો કાર નીચે દટાઈ જતા સ્થાનીક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને કાર નીચે દટાઈ ગયેલા લોકોને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા સદનસીબે કાર પલ્ટી જવા છતાં જાનહાની ટળતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

પ્રાપ્ત માહીતી અનુસાર,હિંમતનગરના બે શખ્સો વેગનઆર કાર લઈ મહીસાગર જીલ્લાના વીરપુર ગામે કામકાજ અર્થે જવા નીકળ્યા હતા મોડાસા નજીક આવેલા સબલપુર ગામ નજીક વળાંકમાં કાર પૂરપાટ ઝડપે દોડી રહી હતી ત્યારે જ અચાનક ડ્રાઈવર સાઈડનું કારનું પાછળનું ટાયર કારમાંથી છૂટું પડી જતા કાર રોડ પરથી ધડાકાભેર પલ્ટી ખાઈ રોડ બાજુ પર પટકાઈ હતી રોડ પરથી ધડાકાભેર અવાજ આવતા સ્થાનીક લોકો રોડ પર દોડી ગયા હતા અને કાર પલ્ટી જતા કારમાં સવાર બે લોકો દટાઈ જતા સ્થાનિકોએ બંને લોકો ને કારની નીચેથી બહાર કાઢી બચાવી લીધા હતા કાર નીચે દટાયેલ બંને લોકોનો સામાન્ય ઈજાઓ પહોંચતા આબાદ બચાવ થયો હતો કારને ભારે નુકશાન પહોંચ્યું હતું

રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પ્રફુલ્લ જલુ અરવલ્લીની મુલાકાતે

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના સંક્રમણમાં અરવલ્લી જીલ્લામાં ચાલતા શૈક્ષણનીક કાર્યની સમીક્ષા કરવા રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પ્રફુલ્લ જલુ અને રાજ્ય શીક્ષણ બોર્ડના સચિવ મેહુલ વ્યાસ ગુરુવારે આવી પહોંચ્યા હતા અને જીલ્લા પ્રાથમીક શિક્ષણકાર્ય થી પ્રભાવીત થયા હતા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્ટરનેટ નેટવર્કના અભાવે શિક્ષણથી વંચીત ન રહે તે માટે શરૂ કરાયેલી શેરી શાળા અને શીક્ષકોએ વિદ્યાર્થીઓના ઘરે ઘેર પહોંચી અભ્યાસ અંગે આપેલ માર્ગદર્શનની સરાહના કરી હતી રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પ્રફુલ્લ જલુ અને સચીવ મેહુલ વ્યાસે જીલ્લા શિક્ષણાધિકારી સાથે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં ભગવાન શામળીયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી શામળાજી મંદિરના ટ્રસ્ટીઓએ મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા

અરવલ્લી જિલ્લાની મુલાકાતે રાજ્ય પરીક્ષા બોર્ડ નાં ચેરમેન પ્રફુલ્લ જલુ રાજ્ય શિક્ષણ બોર્ડ નાં સચિવ મેહુલ વ્યાસ એ અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે મુલાકાત લીધી હતી રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પ્રફુલ્લ જલુએ ધોરણ૮ ના સરકારી તથા ગ્રાન્ટેડ નેશનલ મીક્સ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા અંગે જણાવ્યું હતું કે હાલ કોરોના સંક્રમણના લીધે શાળાઓ બંધ હોવાથી વિધાર્થી શાળા સુધી આવતો નથી.ટેકનોલોજી નાં માધ્યમ થી વિદ્યાર્થીઓ ભણાવવા માં આવે છે. ધોરણ ૬.૭.૮ ના વિશેષ શિક્ષણ માં દોઢ લાખ ઉપરાંત નું વિદ્યાર્થીઓનું એનએમએમએસ પરીક્ષા માટે રજીસ્ટ્રેશન થયું છે શિક્ષણ વિભાગ,સર્વે શિક્ષણ અને જી.બી એસ ના માધ્યમથી આ એમ એમ એસ ના વિધાર્થીઓ ની બોધધીક ક્ષમતા નો વધારો થાય તે હેતુથી સમગ્ર રાજ્યમાં વિદ્યાર્થીઓ માટે કોમ્પીટીશન એકઝામ માટે સારું વાતાવરણ ઉભું થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે

પેજ પ્રમુખોનું ઠેર ઠેર સન્માન કરાશે

પક્ષ માટે મફત મજુરી કરતા ચૂંટણી મજુર તરીકે ઓળખકાર્ડને ગળા પહેરાવી ઘરે ઘરે સન્માન લેવા ફેરવાશે

ભાજપ એના પોતાના સંગઠનને અને કાર્યકરોને પણ મુર્ખ બનાવી મફતના મજુર બનાવી દિધા છે ભાજપવાળાએ પ્રજાને ગુમરાહ કરે છે એમ એના પક્ષના લાખો કાર્યકરોને પણ ગુમરાહ કરે છે નવું સંગઠન બન્યુ તેમાં મહિલા મોરચો, યુવા મોરચો, બક્ષીપંચ મોરચો, લઘુમતી મોરચો, લીંગભેદ અને જાતીવાદ કરવાના બધા મોરચાની નવી નિમણૂકો સ્થાનિક ચૂંટણીના પરીણામ આવ્યા પછી થશે. હાલના હોદેદારોના શહેર, તાલુકા, જીલ્લાની ચૂંટણીના પરીણામોના આધારે નવી નિમણૂકો વિશે વિચારણા થશે.

સંગઠનના હોદા નવા લાલચુઓ અને જુના હોદેદારો રાતદિવસ કામ કરી બતાવવાની હોડ લગાવશે, એટલે પાર્ટીના ઉમેદવારો ચૂંટાય જશે પછી મોટા ભાગના કાર્યકરોની બાદબાકી કરીને લાગવગ પ્રમાણે સંગઠનના હોદા આપી દેવાશે, ધારાસભાની ચૂંટણીને દોઢ વર્ષની વાર છે એટલે ત્યાં સુધી કાર્યકરોની પક્ષને જરૂર પડવાની નથી, ફરી ચૂંટણી આવે ત્યારે નવા નવા લાલચુઓ તૈયાર હોય તેને ખેસ પહેરાવીને મફત મજુરી કરાવી લેવાની હોય છે, રાષ્ટ્રવાદ અને ધર્મના નામે પબ્લિકને ગુલામ બનાવી દિધી છે.

આ વાત એક સુત્ર દ્વારા અનૌપચારિક રીતે આપી છે.

જુના હોદેદારો, પેજ પ્રમુખો બધા પાસે ઘરે ઘરેથી સમજાવીને મત લાવવાની જવાબદારી નાખી દિધી છે હોદાના લાલચુ લોકો મુર્ખ બની ચૂંટણીમાં મફત મજુરીઓ કરશે.

જે પોતાની તાકાત અને પોતાનો સમય ખર્ચીને, પોતાના પૈસે પક્ષના ઉમેદવારોને જીતાડવા મજુરી કરે તેને ચૂંટણી પછી સંગઠનના હોદા આપશે.. એટલે એનો અર્થ શું થયો ? કામ કઢાવી લીધા પછી ફકત સંગઠનના હોદાને શું ધોઈ પીવા ?

સંગઠનના પદાધિકારીઓને પ્રચાર સમયે, મિટિંગો સમયે, પ્રવાસ સમયે કોઈ ટી.એ.ડી.એ. કે ટ્રાન્સપોર્ટ એલાઉન્સ કે પગાર ભથ્થા આપતા નથી, પાર્ટી પાસે કરોડો રૂપિયાનું ફંડ છે તો આખરે એ બધા પૈસા કયાં જાય છે, સંગઠનના પદાધિકારીઓ તો રાત દિવસ એમના પોતાના કામ ધંધા પડતા મુકી ચૂંટણી પ્રચાર, મિટિંગો, રેલીઓ, સભાઓ, ધરણાઓ, ખાતમુહૂર્ત સમારોહ, ઉદઘાટન સમારંભોમાં ફકત ચા નાસ્તો કે એક સમયના જમણવાર માટે વર્ષો સુધી દોડતા ભાગતા રહે છે.

જાહેર જીવનમાં મફત મજુરો અને અંધભકતો સિવાય લોકો નથી રહ્યા, કૌભાંડ, જાતીવાદ, ધર્મભેદ, અને મુર્ખાઓની સેનાઓ બની ચુકી છે, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, કૌભાંડનો ભોગ બની બધી મહામારી સહન કરીને પણ ગુલામીના ખેસ પટ્ટા પહેરેલા સેવાભાવી કાર્યકરો ચૂંટણીના મતદાન પછી નવરા બની જશે એટલે ચારધામ યાત્રાએ જશે અથવા કુંભમેળામાં ગંગા ન્હાય આવશે.

હવે વોટ્સેપથી રાજ્યમાં લેવાશે ધોરણ 3 થી ૧૨ની ઓનલાઈન પરીક્ષા

ગાંધીનગર,તા.૨૧

ધોરણ.૩થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા વોટ્સઅપ બેઈઝડ કસોટી લેવાની સુવિધા ઉભી કરી છે. જેના માટે એક વોટ્સએપ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે, જે નંબર પર વિદ્યાર્થીઓએ એક વખત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ દર અઠવાડીયે વિદ્યાર્થી પોતાનુ સ્વ મુલ્યાંકન કરી શકશે. પ્રથમ તબક્કામાં આગામી ૨૩મી જાન્યુઆરીના રોજ ધોરણ.૩થી ૫ના વિદ્યાર્થીની કસોટી લેવામાં આવશે. ત્યાર બાદ દર અઠવાડીયે આ કસોટી લેવાશે. ૨૩મી જાન્યુઆરીએ યોજાનારી વોટ્સએપ બેઈઝડ સપ્તાહ કસોટી દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસારિત થતાં ધોરણ.૩થી ૮ના વિષય વસ્તુ આધારીત અને ધોરણ.૯થી ૧૨ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળાના લાઈવ ક્લાસિસના વિષય વસ્તુ આધારીત બહુવિકલ્પી પ્રકારના પ્રશ્નો પુછવામાં આવશે.

ભિલોડાના ટોરડા ગામે બેંક ઓફ બરોડાનું શટર પાડી આક્રોશ વ્યક્ત કર્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

ડીજીટલ ઈન્ડિયાની ગુલબાંગો વચ્ચે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટના ધાંધિયા યથાવત જોવા મળી રહ્યા છે ભિલોડા ના ટોરડા ગામે બેંક ઓફ બરોડામાં વારંવાર નેટવર્ક કનેક્ટીવીટી ખોરવાતા ખાતેદારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ગુરુવારે નેટવર્ક કનેક્ટીવીટીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા ગ્રાહકોએ ન છૂટકે બેક્નનું શટર બહારથી બંધ કરી દઈ વિરોધ નોંધાવ્યો હતો બીજીબાજુ બેંકમાં કામકાજ કરી રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ પણ લાચારી અનુભવી રહ્યા હતા

ભિલોડના ટોરડા ગામ માં છેલ્લા ૩૦ વર્ષથી દેના બેંક કાર્યરત રહી પરંતુ ગત વર્ષે દેના બેંક બેંક ઓફ બરોડા માં મર્જ થયા બાદ ગામ માં બેંક ઓફ બરોડા કાર્યરત થઈ છે છેલ્લા કેટલાક મહિનાઓથી બેંકમાં કનેક્ટિવિટી ના કારણે હાલ બેંકના ખાતેદારો ને નાણાંકીય મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે.ટોરડા ગામની બેંક ઓફ બરોડા ની શાખા આસપાસના ૩૦ જેટલા ગામો ના લોકો ની આર્થિક કરોડરજ્જુ સમાન છે.સાથે આ બેંક માં ૨૭ હજાર જેટલા સેવિંગ બેંક હોલ્ડર,૬૦૦ પેન્શનર્સ અને ૫૦૦ કે.સી.સી. હોલ્ડરો નાણાંકીય વ્યવહારથી જોડાયેલા છે.પરંતુ રોજ નેટવર્ક કનેક્ટિવિટી ના કારણે પડતી નાણાંકીય મુશ્કેલી અને રોજ ખાવા પડતા ધરમના ધક્કા ને કારણે લોકો એ રોષે ભરાઈ બેંક નું શટર બંધ કરી વિરોધ નોંધાવ્યો હતો

ટોરડા ગામે આવેલ બેંક ઓફ બરોડામાં ખાતા ધરાવતા બાળકો , દિવ્યાંગ લોકો,વૃદ્ધો અને ખાસ કરીને સરકારી સહાય મેળવતા જરૂરિયાતમંદ ખાતા ધારકોને નેટવર્ક કનેક્ટીવીટીના અભાવે ધરમધક્કા ખાવા પડી રહ્યા છે તેમજ બેંકમાં

સ્ટાફ પણ પરપ્રાંતીય હોવાથી સ્થાનીક લોકોને સમજાવવામાં ભારે મુશ્કેલી પેદા થઈ રહી છે જેથી બેંકમાં સ્થાનિકભાષા સમજી શકે તેવા કર્મચારીઓ ને ફરજ પર મુકવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે આ અંગે ગ્રાહકઓએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા પણ તૈયારીઓ હાથધરી હતી

ટોરડા બેંક ઓફ બરોડાના બેંક મેનેજરના જણાવ્યા અનુસાર

બેંક ની કનેક્ટિવિટી બાબતે અનેક વાર રજૂઆતો કરવામાં આવી છે છતાં લોકો ની સમશ્યાનો ઉકેલ ન આવતા લોકો ને બેંક ના ધરમ ધક્કા ખાવા પડી રહ્યા છે સાથે જ લોકોને સમય ની સાથે નાણાં પણ ખર્ચવા પડી રહ્યા છે.આ બાબતે બેંક ઓફ બરોડા ના મેનેજર ને પૂછવામાં આવ્યું તોબ તેમને જણાવ્યું કે જયારથી બી.એસ.એન.એલ. એ કનેક્શન ડિસ્કનેક્ટ કર્યુ છે ત્યારથી આ પ્રકારની મુશ્કેલી પડી રહી છે..આ બાબતે ઉપરના લેવલે રજુઆત કર્યા બાદ એરટેલ નું ડિવાઈસ બેંક ને આપવામાં આવ્યું છે પણ નેટવર્ક ન હોવાને કારણે તે ડિવાઈસ પણ હાલ કોઈ કામનું ન રહ્યું હોવાથી ખાતેદારો મુશ્કેલી વેઠવી પડી રહી છે

કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની અમલવારી માટે કેન્દ્રના ૩૦ સચિવોએ પુંસરી ગામની મુલાકાત લીધી

POCO
SHOT ON POCO X2

જુદા જુદા વિષયની ચર્ચા માજી સરપંચ. અને સરપંચો સાથે સંવાદ કરતાં હિમાંશુ પટેલ પાસે જાણકારી મેળવી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર જે યોજનાઓ બનાવી છે તેનો વાસ્તવિક ગામડા અને લાભાર્થી સાથે કેટલો અમલ થાય છે અને બનાવેલી યોજનામાં શું ખામીઓ છે. તેનો અભ્યાસ માટે કેન્દ્ર સરકાર અને રાજયના સચિવ કક્ષાના ૩૦ જેટલાં અધિકારીઓ આજે પુંસરી ગામની મુલાકાત લીધી હતી અને ગુજરાતમાં સરપંચો સાથે સંવાદ કરતાં અને રોડ મોડલ આદર્શ સરપંચ હિમાંશુ પટેલ સાથે મુલાકાત કરી હતી અને યોજનાઓ વિશે જાણકારી મેળવી હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અમલમાં મુકેલ નાણાંપંચ, પ્રધાનમંત્રી આવાસ યોજના, કિસાન સન્માન નિધિ, આરોગ્યની યોજનાઓ, આંગણવાડી ની યોજનાઓ વધુ લોકભોગ્ય કેવી રીતે બનાવવી શકાય તે માટે કેન્દ્ર સરકારના જુદા વિભાગના સચિવ.નું બનેલ પ્રતિનિધિત્વ મંડળ તલોદ તાલુકાના પુંસરી ગામે મુલાકાત માટે આવ્યા હતાં આ પ્રતિનિધિત્વ મંડળમાં કેન્દ્ર સરકાર ઉપરાંત તામિલ નાડુ, રાજસ્થાન,દીવ, આ રાજ્ય ઉપરાંત ઉત્તર પ્રદેશના સચિવો પ્રતિનિધિત્વ મંડળમાં જોડાયા હતા આ ઉચ્ચ અધિકારીઓના પ્રતિનિધિત્વ મંડળે પુંસરી ના માજી સરપંચ અને આદર્શ ગામ યોજના હેઠળ સરપંચ સંવાદ કરતાં હિમાંશુ પટેલ સાથે દરેક યોજના ની વાસ્તવિક પરિસ્થિતિ અને સુધારા વધારા ના સુચનો મેળવવા હતા પુંસરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ની મુલાકાત લીધી અને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નાયબ જીલ્લા વિકાસ અધિકારી દેસાઈ,મામલતદાર,અગરસિંહ તાલુકા વિકાસ અધિકારી પટેલ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડામોર અને પુંસરી સરપંચ સુનંદા બેન પટેલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં..

નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ મહાનુભાવોના હસ્તે નવા કુલ ૮૨૩૧ કાર્ડધારકોને અભિવાદનની સાથે રેશનકાર્ડનું કરાયું વિતરણ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવિષ્ટ નવા લાભાર્થીઓનુ વિડિઓ કોન્ફરન્સિંગના માધ્યમથી અભિવાદન કરાયું

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજયના ૧૦૦ જેટલા તાલુકાઓમાં રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવેશ થયેલ નવા લાભાર્થીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી અભિવાદન કાર્યક્રમના કરાયેલા આયોજનના ભાગરૂપે આજે રાજપીપલામાં સરદાર ટાઉનહોલ ખાતે પૂર્વ રાજયમંત્રી શબ્દશરણભાઈ તડવી તથા દેડિયાપાડા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પૂર્વ સંસદીય સચિવ હર્ષદભાઈ વસાવા સહિતના મહાનુભાવો વગેરેની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

અધિકારીઓ સહિત જિલ્લાના લાભાર્થીઓની ઉપસ્થિતિમાં સરદાર ટાઉન હોલ ખાતે કાર્યક્રમને દિપપ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મૂકાયો હતો.

આ પ્રસંગે પૂર્વ મંત્રી શબ્દશરણભાઈ તડવીએ પ્રાસંગિક ઉદબોધન જણાવ્યું હતું કે, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કોરોના મહામારી માં એપ્રિલથી નવેમ્બર દરમિયાન સતત આઠ મહિના સુધી છેવાડાના લોકો સુધી અન્ન પહોંચાડવાની અભૂતપૂર્વ કામગીરી કરી છે. રાજ્ય સરકાર દ્વારા લોકડાઉનની પરિસ્થિતિમાં રાજ્યના રેશનકાર્ડ ધરાવતા ન હોય તેવા નિરાધાર, જરૂરીયાતમંદ, સંકટગ્રસ્ત લોકો, પરપ્રાંતિય મજુરોને આવશ્યક ચીજવસ્તુઓનું વિના મૂલ્યે વિતરણ પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવિષ્ટ નવા લાભાર્થીઓનુ વિડીયોકોન્ફરન્સના માધ્યમથી અભિવાદન કરાયું હતું તેની સાથોસાથ વિડીયોકોન્ફરન્સના માધ્યમથી જરૂરી માર્ગદર્શન પણ પુરૂં પાડ્યું હતું.

આ પ્રસંગે નર્મદા જિલ્લાના દિવ્યાંગ લાભાર્થીઓ -૩૮૧, વૃધ્ધ પેન્શન મેળવતા લાભાર્થીઓ-૬૮૮, વિધવા પેન્શન મેળવતી બહેનો-૨૬૬, શ્રમયોગી લાભાર્થીઓ-૫૩૦ અને અન્ય કેટેગરીના રેશનકાર્ડ -૬૩૬૬ સહિત કુલ ૮૨૩૧ કાર્ડધારકોને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ ઉપસ્થિત મહાનુભાવો ના હસ્તે નવા લાભાર્થીઓને અભિવાદનની સાથે રેશનકાર્ડનું વિતરણ પણ કરાયું હતું.

ઉક્ત કાર્યક્રમમાં કોવિડ-૧૯ દરમિયાન અન્ન અને નાગરિક પુરવઠા અને આરોગ્ય વિભાગ દ્વારા કરાયેલ કામગીરી અંગેની ફિલ્મ તેમજ કિસાન સૂર્યોદય યોજનાના ફિલ્મનું નિદર્શન પણ કરાયું હતું.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

ઓવૈસી ની રાષ્ટ્રીય પાર્ટી એ ગુજરાત માં સાબિર કાબલીવાલા ને AIMIM ના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા

ઓવૈસી ની રાષ્ટ્રીય પાર્ટી એ ગુજરાત માં સાબિર કાબલીવાલા ને AIMIM ના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા છે.ગુજરાત માં હાલમાં ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખ બંને એક સમય ના કોમી તોફાનો ના મશહૂર એવા ખાડિયા અને શાહપુર વિસ્તાર ના ધારાસભ્ય છે.ભાજપ આ બંને વિસ્તારો માં પોતાનો ગઢ બનાવી ને ભાજપ ની સત્તા ટકાવી અશોક ભટ્ટ અને કૌશિક પટેલ બંને ને કેબિનેટ પ્રધાન બનાવતું આવ્યું હતું. સમય પલટાય તેમ અશોક ભટ્ટ નું નિધન થયું અને કૌશિક પટેલ મુસ્લિમ વોટ બેક્ર ના કારણે હાર્યા અને બંને વિસ્તાર માં હાલમાં લઘુમતી વોટ બેક્ર બહુમત ના લીધે આ બંને મુસ્લિમ વિધાયક કોંગ્રેસ માથી જીતી ને વિધાયક બન્યા છે.ઈમરાન ખેડાવાળા ી સાબિર કાબલીવાળા ને પડકાર આપ્યો છે કે તેઓ કોર્પોરેશન માથી ચૂંટણી લડે તો હું તેમને હરાવી શકું છું. ઓવેસી કટ્ટર મુસ્લિમ વાદી વ્યક્તિ અને કોમવાદ તેના લોહી માં હોય તે રીતે પોતાના ભડકાઉ નેવિદાનો આપી ને દેશ માં પ્રચલિત રહ્યા છે.ચર્ચાય છે કે ભાજપ પોતાનું શાશન ટકાવી રાખવા મત નું રાજકારણ રમવા માટે ઓવેસિ ને ચારે બાજુ પોતાની પાર્ટી થકી ઉમેદવારો થી મેદાન માં લાવી રહ્યો છે.

ઘણી બધી બાબતે ભાજપ આંખ આડા કાન ઓવૈસી ના ભડકાઉ ભાષણ કાયદા વિરુદ્ધ હોવા છતાં પગલાં ભર્યા નથી..ગુજરાત માં લતીફ અને સગીર કાળા વ્યાપાર શાશન નો અંત શંકરસિંહ વાઘેલા ના શાશન માં આવેલો.એકા દરે હાલ માં ઘણા સમય થી શાંતિ વર્તાઈ રહી છે .ગુજરાત માં ચારે બાજુ થી સાબિર કાબલી વાલા ને ફિટકાર વર્ષે તેવા એંધાણ છે. શું ગુજરાત ને ઓવૈસી ના ભડકાઉ ભાષણ શું જોવાનો વારો ભાજપ શાશન માં આવશે કે કેમ તે હવે જોવાનુ રહ્યું...janfariyadnews

મોતીપુરા(સાદરા) ગામે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો.

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા નાં આરોગ્યકેન્દ્ર તેમજ મોતીપુરા(સાદરા) ગામના આંગણવાડી કેન્દ્ર નાં સંયુક્ત ઉપક્રમે મોતીપુરા ગામનાં ગ્રામજનો માટે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો. સંકુલનાં સંયોજક રમેશભાઈ પટેલે પ્રસ્તાવિકતા કરતા કહ્યું હતું કે છેલ્લા દસ માસ થી આપને કોરોના સક્રમાન સામે બધા ઝઝૂમી રહ્યા છીએ.,જેના કારણે તમામ આર્થિક સંકળામણ નો સામનો કરી રહ્યા છીએ. નારી એ શક્તિ સ્વરૂપ છે. આવી વિકટ પરિસ્થિતિ માં નારી જો સશક્ત હોત તો આવનારી તમામ મુસીબતો ને માત આપી શકે છે. તેમજ તેમને વધુમાં જણાવ્યું કે કોરોના સંક્રમણથી ડરવાની જરૂર નથી-કોરોના સંક્રમણને હરાવવાની જરૂર છે તે અંગે વાર્તાલાપ કર્યો હતો. ડીન શ્રી જગદીશ સાવલિયા એ પણ માસ્ક પહેરી, વારંવાર સાબુ થી હાથ ધોઈ કોરોના સંક્રમણથી સાવધાન રહેવા જણાવ્યું હતું મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરા નાં તબીબી અધિકારી ડૉ નયનેશ વસાવા એ જણાવ્યું કે કોરોના રસી મુકાવવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.રસી અંગેની ગેરમાન્યતાઓ દુર કરવા માટે માર્ગદર્શન આપ્યું તેમજ સરકારશ્રી દ્વારા યોજનાર રસીકરણ માં કોઈ પણ પ્રકારના ડર વગર ઉત્સાહ પૂર્વક ભાગ લેવા માટે અપીલ કરી હતી મહિલા સરપંચશ્રી નીરૂબેન પટેલે સરકારશ્રી દ્વારા યોજનાર રસીકરણમાં ભાગ લેવા આર્થિકરીતે મહિલાઓ ને પગભર થવા મહિલાઓ ને હાકલ કરી હતી મધ્યસ્થ ગ્રંથાલયનાં ગાયક કલાકાર જગદીશ પરીખે તેમજ સંગીત ટુકડી નાં ગોવીંદ વાઘેલા અને જયંતી વાઘેલા એ લોકગીતો અને રસીકરણના ગીતો ગાઈને ગ્રામજનોને મંત્રમુગ્ધ કાર્ય હતા. આંગણવાડી તરફથી નયનાબેન સી ત્રિવેદી અને લક્ષ્મીબેન બારિયા તેમજ મ.દે.સંકુલ નાં સેવકો જતીન સોલંકી તેમજ નરવરસિંહ રહેવર દ્વારા સમગ્ર કાર્યક્રમ ની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર નિર્માણ નિધિ સમર્પણ મહા અભિયાન અંતર્ગત માણાવદર ખાતે પ્રતિષ્ઠિત નાગરિકોની એક બેઠક યોજાઈ

માણાવદર ખાતે રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર માટે નિધિ સમર્પણ મહા અભિયાન અનુસંધાને આશીર્વાદ ઇન્ડસ્ટ્રીઝ ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવેલ આ બેઠકમાં માણાવદરના ઉદ્યોગપતિઓ નારણભાઈ સોલંકી, રાજુભાઈ ઝાટકીયા, પ્રેમજીભાઈ પટેલ, તેમજ જીનીંગ ઉદ્યોગના અનેક ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લાના સંદીપભાઈ પેથાણી, મનોજભાઈ ગોહેલે નિધિ સમર્પણ વિશે વિગતવાર માહિતી આપેલ હતી. ઉદ્યોગપતિઓ દ્વારા ઉદાર હાથે રામ મંદિર નિર્માણ માટે દાન આપવામાં આવે તે માટે નારણભાઈ સોલંકી એ અપીલ કરી પોતાનું રૂપિયા પાંચ લાખ એકાવન હજાર નું અનુદાન જાહેર કરેલ હતું. માણાવદર તાલુકાના સંઘચાલકજી અનિરુદ્ધ યાદવ, કાર્યવાહ ગોવિંદભાઈ ડઢાણીયા, સંયોજક શ્રી કારાભાઈ મેલવાણી, પ્રભુદાસભાઈ ડાભી નિધિ પ્રમુખ દક્ષેશભાઈ ભોજાણી હેમંતભાઈ ઉપસ્થિત રહ્યા હતા

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

યંગ સોશ્યલ ગ્રુપ - જામનગર દ્વારા મકર સંક્રાંતિ તહેવાર પ્રસંગે કાર્યક્રમની ઉજવણી....!!

યંગ સોશ્યલ ગ્રુપ
YSG આપનુ હાર્દીક સ્વાગત કરે છે.

યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર જામનગર દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી પ્રસંગોપાત તહેવારોની ઉજવણીના માધ્યમથી અવિરત સેવાકાર્યો અર્થાત જનસેવાથી રાષ્ટ્રસેવાની જ્યોત જાળવી સમાજમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે ઉદાહરણીય સંસ્થા તરીકે કાર્યરત છે.

આ મકરસંક્રાંતિ વર્ષ ૨૦૨૧ના ઉપક્રમે સંસ્થાના સલાહકાર શ્રી નિખિલભાઈ ભટ્ટ તેમજ તેમના પુત્રી ડો. રાધિકાબેન ભટ્ટ સાથે સમાજના જરૂરિયાતલક્ષી બાળકો તેમજ પરિવારોને તહેવાર અનુરૂપ પતંગ-દોર, મમરાના લાડુ, જિંજરા, બિસ્કીટ, તલના લાડુ તેમજ ચીકીનું તહેવાર પ્રસંગે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ઉપસ્થિત રિલાયન્સના શ્રી પંકજ ભંડારી, મનોજ શાહ તેમજ ન્યારા ગ્રુપના શ્રી પ્રકાશ મહેતા, જિગર મહેતા વગેરે મિત્રો દ્વારા દર વર્ષની માફક આ કાર્યને પ્રોત્સાહિત કરી ઉજવણી કરવામાં આવી હતી.

યંગ સોશ્યલ ગ્રુપ - જામનગરના સલાહકાર અને પૂર્વ ડેપ્યુટી મેયર શ્રી ભરતભાઈ મહેતાનો જન્મદિવસ પણ આ તહેવારના દિવસે હોઈ ઉજવણીના ભાગરૂપે સંસ્થાના સલાહકાર શ્રી નિખિલભાઈ ભટ્ટ, પ્રમુખ શ્રી પ્રવિણસિંહ સોલંકી, શ્રી જયભાઈ દોશી તેમજ આ ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે શહેર ભાજપ પ્રમુખ શ્રી વિમલભાઈ કગથરા, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી સુભાષભાઈ જોશી, પૂર્વ કોર્પોરેટર શ્રી પ્રવીણભાઈ માડમ, શ્રીમતી કુસુમબેન પંડ્યા, મહાદેવ હર મિત્રમંડળના શ્રી રાજુભાઈ વ્યાસ, શ્રી નિલેશભાઈ ઓઝા, શ્રી રમેશભાઈ ચૌહાણ, શ્રીમતી પારૂલબેન મેહતા, શ્રીમતી સજ્જનબેન ચૌહાણ, શ્રીમતી રીટાબેન જીન્જુવાડીયા, શ્રી ભરતભાઈ ઢાપા, ટ્રાફિક શાખાના શ્રી પ્રવીણભાઈ તેમજ ભાજપના અગ્રણી શ્રી ચીનાભાઈ ચોટાઈ, શ્રી મનહરભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહી જન્મદિવસની શુભેચ્છા આપવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે સિલ્વર સહેલી કલબના મહિલા પ્રમુખ શ્રીમતી શર્મીલાબા સોલંકી, મીનાબેન રાવલ, જ્યોતીબેન મોખા, મયુરીબેન રાવલ, ભાવીનીબેન મશરૂ, મનીષાબેન વસા, નીશાબેન દોશી, પૂજાબેન રાવલ તેમજ આમંત્રિત મહેમાનો દ્વારા શ્રી ભરતભાઈ મહેતાને પુષ્પગુચ્છ તેમજ હારતોરાથી સન્માનીત કરી, કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સના ભાગરૂપે માસ્ક વિતરણ સાથે સંપૂર્ણ વ્યવસ્થા તેમજ સફળ આયોજન યંગ સોશ્યલ ગ્રૂપના શ્રી હાસમભાઇ મલેક, શ્રી મહેશભાઈ રાવલ, શ્રી દીપકભાઈ મોખા, શ્રી જયેશભાઈ વસા, શ્રી રાજેશભાઈ રાવલ, શ્રી બિપીનભાઈ મશરૂ, શ્રી શીવમભાઈ દવે, શ્રી મનોજભાઈ સોલંકી, શ્રી પરેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવેલ હતું. આમ યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર, જામનગર દ્વારા મકર સંક્રાંતિના પર્વને હર્ષોલ્લાસ સાથે જનસેવાથી રાષ્ટ્રસેવાની જ્યોતના ઉદેશ્ય સાથે બંને કાર્યક્રમોની સફળ ઉજવણી કરવામાં આવી હતી.

વન્યજીવ કાચબા પર તાંત્રિક વિધિ કરતા પાંચ ઈસમો ઝડપાયા



રાજપીપળા, તા.૨૧

ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થાને છેલ્લા બે મહિનાથી માહિતી મળી હતી કે પંચમહાલ ના રાજગઢ માં તાંત્રિક વિધિનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે.તેની ઉપર જીએસપીસીએ ટીમેં વોચ ગોઠવતાં આખરે આજરોજ જીએસપીસીએ ટીમ તેમજ વડોદરા વાઈલ્ડ લાઈફ સર્કલનો સ્ટાફ તેમજ રાજગઢ આરએફઓ સાથે મળી સંયુક્ત ઓપરેશ હાથ ધરી નકલી સાધુ બનેલા વન અધિકારી વિધિનો વ્યગ રચ્યો હતો.જેમાં વાકુલી ગામના ગીચ જંગલમાં વિધિ ચાલી રહી હતી. જેમાં મુખ્ય આરોપી માઊસિંગ બારીયા જે વન્યજીવ પર વિધિ કરવા માટે જંગલમાં લઈ ગયેલ હતો.જેણી પાસે શિડયુલ-૧માં આવતા કાચબા ચાર નંગ હતા.જેની પર તાંત્રિક વિધિ કરી પૈસાનો વરસાદ કરવાનો હતો.આ તાંત્રિક વિધિ માં અન્ય ચાર સાગરીતને પણ મુદા માલ સાથે વન વિભાગે રંગે હાથ ઝડપી પડ્યા હતા.તેમની પાસેથી વન્યજીવ કાચબા નંગ-૪, તેમજ મારક હથિયાર બે તલવાર ,એક ધારીયું, એક છરો વન વિભાગે જપ્ત કર્યુ હતું જેમની સામે વન્યજીવ અધિનિયમ ૧૯૭૨ મુજબ ગુન્હો નોંધી આગળ ની કાર્યવાહીના ચક્રો ગતિમામ કર્યા હતા. જયોતિ જગતાપ, રાજપીપળા

નર્મદા નદીમાં નાહવા પડતા પાણીના ઊંડા પાણીમાં ૧૯ વર્ષીય યુવાન ડૂબી જતા મોત



રાજપીપળા,તા. ૨૧

કેવડીયા પાસેના વિયર ડેમ પાસે આવેલી નર્મદા નદી માં ૧૯ વર્ષીય યુવાન નાહવા પડતા પાણીના ઉંડા પાણીમાં ડુબી જતાં યુવાન નું મોત નીપજ્યું છે.૪ દિવસ પછી ભારે શોધખોળ બાદ અંકતેશ્વર પુર થી રામપુરા તરફ એક કિ.મી દુર નર્મદા નદીમાં આવેલ પથ્થર ઉપર વચ્ચોવચ ઊંધી હાલતમાં પડેલા મળી આવતા ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત અનુસાર મરના આલોક કરનસીગ રાજપુત (ઉં.વ.૧૯ રહે,ગરુડેશ્વર,ભગવતી અન્નક્ષેત્ર, મૂળ રહે. રાજગઢ તા.રાજગઢ જી. ચુરુ રાજસ્થાન) ગઈ તા.૧૬ /૧/૨૧ના રોજ વિયર ડેમ પાસે આવેલ નર્મદા નદીમાં ન્હાવા પડતાં પાણી ઊંડા પાણીમાં ડૂબી ગયેલા તેની લાશ ની નર્મદા નદીમાં શોધખોળ કરતા તા.૨૦/૧/ ૨૧ના રોજ અંકતેશ્વર પુલ થી રામપુરા તરફ એક કિ.મી દુર નર્મદા નદીમાં આવેલા પથ્થર ઉપર વચોવચ ઊંધી હાલતમાં પડેલા લાશ મળી આવી હતી.જેની જાણ પોલીસને કરતાં ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

એનીમલ વેલફેર બોર્ડ દ્રારા ૧૬ ફેબ્રુઆરી વસંત પંચમીએ "પ્રાણી કલ્યાણ દિવસ" ની ઉજવણી કરશે

ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડ દ્રારા સમગ્ર ભારતમાં જીવ જંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ અંગે લોકજાગૃતિ કેળવાય તેમજ તેમનું કલ્યાણ થાય તેવા ઉમદા અને પવિત્ર આશયથી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. ભારત સરકારનું એનીમલ વેલફેર બોર્ડ ૧૬ ફેબ્રુઆરી, વસંત પંચમીએ ''પ્રાણી કલ્યાણ દિવસ'' તરીકે સમગ્ર ભારતમાં ઉજવશે. આ પવિત્ર દિવસે જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરતા સેવકોને ''પ્રાણી મિત્ર'' એવોર્ડસની ઘોષણા કરવમાં આવશે.

બોર્ડ દ્રારા જીવ જંતુ કલ્યાણ અને સંરક્ષણ માટે વ્યકિતઓ તેમજ સંસ્થાઓને વિવિધ કેટેગરીમાં એવોર્ડસ અપાશે જેમાં (૧) પ્રાણીમિત્ર એવોર્ડસ(વિવિધ સાત કેટેગરીમાં)(૨) જીવદયા એવોર્ડસ (વિવિધ ચાર કેટેગરીમાં) અપાશે. આ અંગેનું ફોર્મ તથા વિશેષ માહિતી એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાની વેબસાઈટ www.awbi.in પરથી મળી શકશે તેમ એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડીયાના પ્રેસ અને પબ્લીક રીલીશન્સ કમિટી મેમ્બર મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)ની યાદીમાં જણાવાયું છે.



શહેરમાં આગ લાગવાના બનાવોમાં વધારો થયો છે. ચાંગોદર બાદ આજે ગોતા વિસ્તારમાં ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ગોતા ખાતે આવેલી સિલ્વર ઓક કોલેજ પાછળના શ્રીજી એસ્ટેટમાં આવેલા ફર્નિચરના ગોડાઉનમાં આગ લાગી હોવાની માહિતી સામે આવી છે. બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓ ઘટનાસ્થળે પહોચી હતી અને આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ગોડાઉનમાં કોઇ વ્યક્તિ ફસાયો નહતો. આ આગ ક્યા કારણોસર લાગી તેની માહિતી હજુ સુધી મેળવી શકાઇ નથી. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.